મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા, આણંદ, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

RNI No. GUJGUJ/2015/62482

મહેસાણા

# લોકાર્પણ

તંત્રી : ગૌરાંગ પંડ્યા - 99099 69099 નિવાસી તંત્રી : અપૂર્વ રાવળ - 96879 46130 (Tele/Fax) 079 - 2321 1379

Printer / Publisher / Owner / Editor : Gaurang Dipakbhai Pandya • Printed : Namasvi Offset, Plot No. K-1/906/8, GIDC, Sector-28, Gandhinagar (GUJARAT) 382028 • Published : C/o. Harish Choksi, Bapusinh Ni Khadki, Vaheravasan, At. & Ta. Vijapur, Dist. Mehsana-382870 (GUJARAT)

• વર્ષ 4 • અંક 291 • દિનાંક 21-01-2019 • સોમવાર • વિક્રમ સંવત 2075 • પાના 4 • કિંમત : 50 પૈસા (વિતરણ ખર્ચ અલગ) • email : lokarpandaily@gmail.com • www.govtofgaurang.com

# મુખ્યમંત્રી પદ માટે રૂપાણી મતદાતાઓની પહેલી પસંદ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકપ્રિયતાના મામલે પોતાના ગૃહ રાજ્યમાં રાહુલ ગાંધીની સરખામણીએ ખુબ જ આગળ

(પ્રતિનિધિ) અમદાવાદ

ગુજરાતમાં વાયબ્રન્ટના માહોલ વચ્ચે રૂપાણી અને મોદી માટે સારા સમાચાર આવ્યા છે. લોકસભાની ચૂંટણી પહેલાં આજે પણ આ બંને કદાવર નેતાઓ ગુજરાતમાં સૌથી વધારે લોકપ્રિય છે. ગુજરાતમાં મુખ્યમંત્રી પદ માટે વિજય રૂપાણી રાજ્યના મતદાતાઓની પહેલી પસંદ છે, તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકપ્રિયતાના મામલે પોતાના ગૃહ રાજ્યમાં રાહુલ ગાંધીની સરખામણીએ ખુબ જ આગળ છે. એક્સિસ માઈ ઈન્ડિયા દ્વારા એક જાણીતી મીડિયા ગ્રુપ દ્વારા હાથ ધરવવામાં આવેલા પોલિટિકલ સ્ટોક એક્ચેંજ નામના સર્વેમાં આ બાબતો સામે આવી છે. હાલમાં ગુજરાતમાં નીતિનભાઈ પટેલ ખૂબ જ નારાજ ચાલી રહ્યા છે. વાયબ્રન્ટમાં પ્રથમ બે દિવસ મોદીની હાજરી વચ્ચે તેઓએ પોતાની નારાજગી દેખાડી છે. આગામી દિવસોમાં ગુજરાતના રાજકારણમાં મોટા ફેરફાર થઈ શકે છે. હવે એ સાબિત થઈ ગયું છે કે ગુજરાતમાં ધીમેધીમે પાટીદાર નેતા નીતિનભાઈ પટેલનું પત્તું કપાઈ રહ્યું છે. આ સરવે એ પણ સાબિત કર્યું છે કે, નીતિનભાઈ ગુજરાતીઓની મુખ્યમંત્રી તરીકેની પ્રથમ પસંદ નથી.કેન્દ્રમાં ભાજપની સરકારના કામકાજનો પ્રશ્ન છે તો સર્વેમાં ૫૬% મતદાતાઓએ પોતાની જાતને સંતુષ્ઠ ગણાવ્યા છે. ત્રણ મહિના પહેલા સર્વેમાં આ આંકડો ૫૨ ટકા હતો. કેન્દ્રમાં મોદી સરકારના કામકાજથી આ સર્વેમાં ૧૭ ટકા લોકો અસંતુષ્ઠ છે. ત્રણ મહિના પહેલા સર્વેમાં આ આંકડો ૨૨ ટકા હતો. સર્વેમાં વડાપ્રધાન પદ માટે નરેન્દ્ર મોદી કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી કરતા ઘણા આગળ છે.તાજેતરમાં હાથ ધરવામાં આવેલા આ સર્વેમાં ૬૨ ટકા લોકોએ વડાપ્રધાન પદ માટે નરેન્દ્ર મોદીને પહેલી પસંદ ગણાવ્યા છે. જ્યારે જાન્યુઆરીમાં હાથ ધરવામાં આવેલા સર્વેમાં ૨૮ ટકા મતદાતાઓએ રાહુલ ગાંધીને પહેલી પસંદ ગણાવ્યા હતાં. અગાઉ ત્રણ મહિના પહેલા હાથ ધરવામાં આવેલા સર્વેમાં પણ આટલા ટકા લોકોએ જ રાહુલ ગાંધીને લઈને સમર્થન કર્યું હતું.સપ્ટેમ્બર અને ઓક્ટોબરના સરવેમાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રૂપાણી પ્રથમ પસંદ છે. ગુજરાતીઓએ ૪૪ ટકા વોટ રૂપાણીને આપ્યા છે. આનંદીબેન પટેલને માત્ર ૯ ટકા મત મળ્યા છે. ૩ મહિના પહેલાં પણ આ સરવેમાં આનંદીબેન પટેલના સમર્થનમાં ૩ ટકા વોટ પડ્યા હતા. હાલમાં આનંદીબેન બે રાજ્યોની રાજ્યપાલ છે.કોંગ્રેસમાં શક્તિસિંહ ગોહિલને ૮ ટકા વોટ મળ્યા છે. અમિત શાહ ભલે બીજેપીના પ્રદેશ પ્રમુખ હોય પણ ગુજરાતીઓ તેમને મુખ્યમંત્રી તરીકે પસંદ કરી રહ્યાં નથી. અમિત શાહને માત્ર ૬ ટકા વોટ મળ્યા છે. રૂપાણીની લોકપ્રિયતામાં ૪ ટકાનો ઘટાડો આવ્યો છે એ પણ હકિકત છે.

# સેલવાસમાં વડાપ્રધાને કહ્યું, મહાગઠબંધન મોદી વિરુધ્ધ નહીં દેશના લોકો વિરુધ્ધ

## દાનહ સંઘ પ્રદેશના પ્રશાસક પ્રફુલ્લ પટેલ દ્વારા વડાપ્રધાનનું પરંપરાગત પાઘડી પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું

(એજન્સી) સેલવાસ

સેલવાસના સાયલી ખાતે આવેલી પીટીએસ ગ્રાઉન્ડ ખાતે મેડિકલ કોલેજના ખાતમુહૂર્ત તથા વિવિધ વિકાસના કામોના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્ટેજ પર આવતાં જ સભામાં હાજર લોકોએ મોદી મોદીના નારા લગાવ્યાં હતાં. દાનહ સંઘ પ્રદેશના પ્રશાસક પ્રફુલ્લ પટેલ દ્વારા વડાપ્રધાનનું પરંપરાગત પાઘડી પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કોંગ્રેસ પ્રમુખે પણ સ્વાગત કરતાં અનેક અટકળો વહેતી થઈ હતી. વડાપ્રધાને મહાગઠબંધન પર પ્રહારો કરતાં કહ્યું કે, કોંગ્રેસને ગાળો દેનારા હવે પોતાની જાતને બચાવવા એક થયા છે. જે મારા વિરુધ્ધ નહીં દેશ વિરુધ્ધ ગઠબંધન કરી રહ્યાં છે.વડાપ્રધાને વિકાસની વાત કરતાં કહ્યું કે, અગાઉ પાંચ વર્ષમાં ૨૫ લાખ મકાનો બનતાં અમે સવા કરોડ બનાવ્યાં છે. આ સાથે જ મહાગઠબંધન પર પ્રહાર કરતાં કહ્યું કે, આ લોકો પોતાની ચામડી બચાવવા એકઠા થયા છે. હજુ તો પુરા એકઠા પણ નથી થયાં તડજોડ કરી રહ્યાં છે. પોતાની સલતનત બચાવવા ગમે તેટલા હવાંતિયા મારે પણ તેના કુકર્મો તેમને નહીં છોડે. કોલકત્તામાં ભાજપના એક ધારાસભ્યએ સરકાર હલાવી નાખી અને બચાવો બચાવોની બુમો સંભળાઈ રહી છે. અમે ખોટા કામો કરનારાની ઊંઘ હરામ કરી નાખી છે. અમે દેશા લોકો માટે એકઠા થઈએ છીએ પણ મારી વિરુધ્ધ આખી જમાત કોલક્તામાં એકઠી થઈ છે. આ લડાઈ જનતા અને ગઠબંધન વચ્ચેની હશે. આરોગ્યમ સર્વદા કાર્યક્રમમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ મોહન ડેલકર પણ હાજર રહ્યાં હતાં. મોહન ડેલકરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કર્યું હતું. જેથી અનેક અટકળો શરૂ થઈ હતી. મોહન ડેલકર માજી સાંસદ રહી ચુક્યાં છે.મોહન ડેલકરે થોડા સમય અગાઉ પ્રશાસકના વખાણ કરતાં ભ્રષ્ટાચાર મુક્ત કર્યું હોવાનું નિવેદન પણ આપ્યું હતું.દાનહના પ્રશાસક પ્રફુલ્લ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનની દાનહ પર વિશેષ લાગણી, સ્નેહ અને હૂંફ રહેલી છે જેના કારણે તેઓ બે વર્ષમાં ચોથીવાર આવ્યાં છે. આઝાદીના ૭૦ વર્ષમાં સૌથી વધુ મુલાકાત નરેન્દ્ર મોદીએ લીધી છે. આદિવાસીઓને જમીનના હક આપવાનું કામ વડાપ્રધાન મોદીએ કર્યું છે. આ સિવાય ઉજ્જવલા સહિતની અનેક યોજનાઓ અને વિશેષ ભેટના કારણે દાનહનો વિકાસને ચાર ચાંદ લાગી ગયાં છે.

# સૂરતમાં ૪૩૨ હિન્દુઓએ ધર્મ પરિવર્તન કરી અપનાવ્યો બૌદ્ધ ધર્મ

## પાંચ વર્ષ પહેલા હિન્દુ ધર્મમાંથી બૌદ્ધ ધર્મ અંગિકાર કરવા માટે તત્કાલીન સૂરત જિલ્લા કલેકટરની મંજૂરી માગતી અરજી કરવામાં આવી હતી

(પ્રતિનિધિ) સૂરત

સૂરતના ગોડાદરા વિસ્તારમાં એક સાથે ૪૩૨ જેટલા હિન્દુઓએ ધર્મ પરિવર્તન કરીને બૌદ્ધ ધર્મ અપનાવ્યો છે. મહત્વનું છે કે આજથી પાંચ વર્ષ પહેલા હિન્દુ ધર્મમાંથી બૌદ્ધ ધર્મ અંગિકાર કરવા માટે તત્કાલીન સૂરત જિલ્લા કલેક્ટરની મંજૂરી માગતી અરજી કરવામાં આવી હતી. ત્યારે ૪૩૨ વ્યક્તિઓને બૌદ્ધ ધર્મ અંગીકાર કરવા માટે સૂરત જિલ્લા કલેક્ટર ડો. ધવલ પટેલ દ્વારા મંજૂરી આપી હતી.ત્યારે આજે યોજાયેલા એક કાર્યક્રમમાં કુલ ૪૩૨ જેટલા હિન્દુઓએ બૌદ્ધ ધર્મ અંગિકાર કર્યો છે. ૪૩૨ વ્યક્તિઓને આ પ્રસંગે સૂરત જિલ્લા કલેકટર બૌદ્ધ ધર્મના અનુયાયીઓ હોવાનાં પ્રમાણપત્રો આપશે છેલ્લા પાંચ વર્ષથી ધર્મ પરિવર્તન માટે જે તે જિલ્લાના કલેકટરની મંજૂરી માંગવા ફરજિયાત હોઈ પાંચ વર્ષ પૂર્વે સૂરતના ૫૦૦ હિન્દુ ધર્મ અંગીકાર કરવા માટે કલેક્ટરની પૂર્વ મંજૂરી માગી હતી.જેનો નિકાલ પાંચ વર્ષ બાદમાં વર્તમાન કલેક્ટરે કર્યો છે સંભવત: સમગ્ર ગુજરાતમાં આ પ્રકારની સામૂહિક ધર્મ પરિવર્તન કરી બોદ્ધ ધર્મ અંગિકાર કરવાની મંજૂરી આપવા અંગેનો સૂરતમાં સૌપ્રથમ કિસ્સો છે. આ અંગે કલેક્ટર ધવલ પટેલે જણાવ્યું કે, 'છેલ્લાં પાંચ વર્ષમાં ધર્મપરિવર્તન કરવા માટે ૫૦૦થી વધારે લોકોએ જિલ્લા અધિકારીઓને અરજી કરી છે. આ લોકો કોઈના દબાણમાં આવીને અથવા પોતાની ઈચ્છાથી ધર્મપરિવર્તન કરી રહ્યા છે તે જાણવા માટે પોલીસે પૂછપરછ કરી હતી. જેમાંથી વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી ૪૩૨ કેસોનો નિકાલ કરીને તેમને ધર્મપરિવર્તન માટે મંજૂરી આપી છે.

# વ્યસ્ત શિડ્યુલ વચ્ચે પણ પીએમ મોદી માતા હિરાબાને મળવાનું ન ચૂકયા

## મોદી બે કારના કાફલા સાથે રાયસણ ખાતે પોતાના ભાઈ પંકજમોદીના ઘરે પહોંચ્યા હતા

(પ્રતિનિધિ) અમદાવાદ

વડાપ્રધાન મોદી ત્રણ દિવસ માટે ગુજરાતના પ્રવાસ પર આવ્યા છે. ગુજરાતમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવા માટે ગુજરાત આવી પહોંચેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની માતા હિરાબા સાથે મુલાકાત કરી હતી. ગાંધીનગરથી વિદાય લેતા પહેલા મોદી પોતાના ૯૫ વર્ષીય માતા હિરાબાને મળવાનું ચૂક્યા નથી. સામાન્ય રીતે જ્યારે મોદી અમદાવાદ કે ગાંધીનગરના પ્રવાસ પર આવે છે ત્યારે તેઓ અચૂક તેમની માતાને મળે છે. પરંતુ છેલ્લી કેટલીક વખતથી તેઓ ગુજરાત પ્રવાસ પર આવ્યા હોવા છતા તેઓ તેમની માતા હિરાબાને મળી શક્યા નહતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, પીએમ મોદીના માતાની તબિયત ઉંમરના કારણે થોડી ખરાબ રહે છે. મોદીના માતા હિરાબા છેલ્લા કેટલાક સમયથી પથારીવસ છે. ૯૫ વર્ષ જેટલી ઉંમરે તબિયત લથડવી એ ખૂબ જ સ્વાભાવિક વાત છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર નરેન્દ્ર મોદી બે કારના કાફલા સાથે રાયસણ ખાતે પોતાના ભાઈ પંકજ મોદીના ઘરે પહોંચ્યા હતા. રાયસણ પાસેના વૃંદાવન એપાર્ટમેન્ટમાં ગઈ કાલ રાતથી જ ચુસ્ત બંદોબસ્ત ગોઠવાઈ ગયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી લગભગ અડધો કલાક સુધી તેઓ માતા સાથે રોકાયા હતા. વડાપ્રધાન મોદીની એક ઝલક જોવા માટે સોસાયટીમાં લોકોના ટોળા જામ્યા હતા. લોકસભા ૨૦૧૯ની ચૂંટણીમાં વ્યસ્ત થઈ જવાના કારણે પીએમ મોદી પહેલા જ માતાને મળી આવ્યા.

# ગણતંત્ર દિવસ પર બાળકોને વીરતા પુરસ્કાર આપતાં એનજીઓ પર ભ્રષ્ટાચારનો આરોપ

## રાષ્ટ્રીય વીરતા પુરસ્કારોનું આયોજન કરનારા એનજીઓ ઈન્ડિયન કાઉન્સિલ ફોર ચાઈલ્ડ વેલફેર પર રાષ્ટ્રીય ક્રેચ યોજનામાં નાણાકીય અનિયમિતતીના ગંભીર આરોપો લાગ્યા

(એજન્સી) નવીદિલ્હી

ગણતંત્ર દિવસના થોડા દિવસ પહેલા દેશના પસંદગીના બાળકોને તેમના વિરતાપૂર્ણ કાર્યો માટે રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર માટે પસંદ કરવામાં આવે છે. વર્ષ ૧૯૫૭ થી દેશના વીર બાળકો માટે એક એનજીઓ આ પુરસ્કારોનું આયોજન કરે છે. ત્યારે એક તપાસમાં આ એનજીઓ પર ભ્રષ્ટાચારના ગંભીર આરોપો લાગ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર રાષ્ટ્રીય વીરતા પુરસ્કારોનું આયોજન કરનારા એનજીઓ ઈન્ડિયન કાઉન્સિલ ફોર ચાઈલ્ડ વેલફેર પર રાષ્ટ્રીય ક્રેચ યોજનામાં નાણાકીય અનિયમિતતીના ગંભીર આરોપો લાગ્યા છે. ત્યારબાદ સરકારે આ એનજીઓ સાથેનો સંબંધ તોડી નાંખ્યા છે. માનવામાં આવી રહ્યું છે કે સરકાર આ એનજીઓને ગણતંત્ર દિવસની પરેડથી પણ બહાર રાખવાનો નિર્ણય કરી શકે છે.તો મહિલા અને બાળ વિકાસ કલ્યાણ મંત્રાલયે આરોપી એનજીઓ વિરુદ્ધ ગુરુવારના રોજ એક એફઆઈઆર પણ નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે એનજીઓ પર જ ૩૧ ડિસેમ્બર ૨૦૧૬ સુધી રાજીવ ગાંધી રાષ્ટ્રીય ક્રેચ યોજનાના ક્રિયાન્વનની જવાબદારી હતી. વર્ષ ૨૦૧૫માં દિલ્હી હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરીને એનજીઓ પર કથિત નાણાકીય અનિયમિતતાનો આરોપ લાગ્યો હતો. આ અરજી બાદ હાઈકોર્ટે મંત્રાલયના અધિકારીઓની ત્રણ સદસ્યીય કમિટી બનાવીને એનજીઓમાં કથિત ભ્રષ્ટાચારની તપાસના આદેશ આપ્યા છે. તપાસ બાદ કમિટીએ પોતાનો રિપોર્ટ હાઈકોર્ટમાં જમા કરાવ્યો. ત્યારબાદ હાઈકોર્ટે સરકારને જણાવ્યું કે જો સરકાર જરુરી સમજે તો તે પણ આ મામલાની તપાસ કરાવી શકે છે.કોર્ટના નિર્દેશ પર મહિલા અને બાળ વિકાસ કલ્યાણ મંત્રાલયે એક અંતરિમ કમિટી બનાવીને એનજીઓમાં કથિત ભ્રષ્ટાચારની તપાસ શરુ કરી દીધી છે. અત્યારે આ તપાસ કમિટીનો રિપોર્ટ પણ હાઈકોર્ટમાં જમા કરી દેવામાં આવ્યો છે. મંત્રાલયની અંતરિમ કમિટી દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે. કે એનજીઓ દ્વારા રાષ્ટ્રીય ક્રેચ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪-૧૫ માં ૮૪ લાખ રુપિયા અને વર્ષ ૨૦૧૫-૧૬ માં ૨.૧૯ કરોડ રુપિયાનું બેલેન્સ રાજ્ય પરિષદોને પાછું આપવામાં ન આવ્યું.તો બીજી બાજુ એનજીઓના અધ્યક્ષ ગીતા સિદ્ધાર્થનું કહેવું છે કે એનજીઓ દ્વારા કોઈપણ પ્રકારની રાષ્ટ્રીય અનિયમિતતા નથી કરવામાં આવી અને અત્યારે આ મામલો કોર્ટમાં છે. એનજીઓએ ગત ૬૮ વર્ષમાં પોતાની કામ કરવાની પદ્ધતિમાં ઉચ્ચ માનક બનાવીને રાખ્યા છે. આપને જણાવી દઈએ કે સરકારે આ વર્ષે ૨૬ બાળકોને રાષ્ટ્રીય પુરસ્કાર પ્રદાન કરવામાં આવશે જેમાંથી ૩ બાળકોને વીરતા પુરસ્કાર આપવામાં આવશે. આ પુરસ્કાર ૨૨ જાન્યુઆરીના રોજ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા વિજેતા બાળકોને પ્રદાન કરવામાં આવશે.

# એનડીડીબીએ ગાયોના વ્યાપક સંવર્ધન માટે આઈવીએફના નવાં દ્વાર ખોલ્યાં

## સામાન્ય રીતે ગાય એક વર્ષમાં એક વાછરડાને જન્મ આપે છે પણ આ પ્રક્રિયા વડે ઉચ્ચ ઓલાદની ગાય વડે ૨૦ થી ૨૫ વાછરડાં મેળવી શકાય

(પ્રતિનિધિ) આણંદ

એક ગીર ઓલાદનું અને બીજુ શાહિવાલ ઓલાદનું એમ બે વાછરડાંને ઈન વીટ્રો ફર્ટીલાઈઝેશન વડે જન્મ આપવામાં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડે (એનડીડીબી) આણંદમાં સ્થાપેલા અદ્યતન એકમને સફળતા હાંસલ થઈ છે. ગર્ભને ફલિત કરવાની આ પ્રણાલીને માનવજાત સામાન્ય રીતે ટેસ્ટ ટ્યુબ બેબી તરીકે ઓળખે છે. આ ટેકનિકમાં ઉચ્ચ ઓલાદની ખૂબ વધારે જથ્થામાં દૂધ આપતી હોય તેવી ગાયોને પસંદ કરવામાં આવે છે.

આવી પસંદ કરાયેલી ગાયોને ડોનર કાઉ તરીકે ઓળખવામાં આવે છે. આવી પસંદગીની ડોનર ગાયોના ગર્ભાશયમાંથી રજ:પિંડ (ગર્ભ બીજ) લેવામાં આવે છે, જેને ઓવમ પિકઅપ તરીકે ઓળખવામાં આવે છે. આ રીતે એકત્ર કરાયેલા રજ:પિંડને ઉચ્ચ ઓલાદના આખલાના વિર્ય સાથે ફલિત કરવામાં આવે છે. પ્રયોગ શાળામાં આ પ્રક્રિયા ૭ દિવસ સુધી વિકસવા દીધા પછી આવા ગર્ભને ઓછુ દૂધ આપતી ગાય (સરોગેટ માતા)ના ગર્ભાશયમાં તબદીલ કરવામાં આવે છે. નવ માસના ગર્ભધારણ પછી વાછરડાને જન્મ આપે છે. બે-ત્રણ સપ્તાહ પછી ગર્ભબીજ એકત્ર કરવામાં આવે છે અને ગર્ભને લોબોરેટરીઓમાં વિકસિત થવા દેવા માટે એક વર્ષમાં ઘણીવાર મોકલવામાં આવે છે.સામાન્ય રીતે એક ગાય વર્ષમાં એક વાછરડાને જન્મ આપતી હોય છે. પરંતુ આ ટેકનિક વડે આ પ્રક્રિયાનું ઘણી વાર પુનરાવર્તન કરવામાં આવે છે. સામાન્ય રીતે ગાય એક વર્ષમાં એક વાછરડાને જન્મ આપે છે પણ આ પ્રક્રિયા વડે ઉચ્ચ ઓલાદની ગાય વડે ૨૦ થી ૨૫ વાછરડાં મેળવી શકાય છે. આ ટેકનોલોજી વડે ઉચ્ચ ઓલાદની ગીર, શાહિવાલ, રેડ સીંધી, અને થરપારકર જેની ગાયોની સંખ્યામાં અનેક ગણો વધારો કરી શકાય તેમ છે.એનડીડીબીના ચેરમેન દિલીપ રથ જણાવે છે કે, ઈન વીટ્રો ફર્ટિલાઈઝેશન ટેકનિક તથા તેની સાથે સાથે ડોનરની યોગ્ય પસંદગી તથા જીનોમિક બ્રીડીગ વડે આપણી પશુઓ પસંદ કરવાની અને આપણી દેશી ઓલાદનાં પશુઓમાં અનેક ગણો જીનેટીક પ્રગતિ શક્ય બનશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે એનડીડીબીની આ સુવિધાનો ઉપયોગ વેટર્નરી ક્ષેત્રના પ્રોફેશનલ્સને ઈન વીટ્રો ફર્ટીલાઈઝેશન તાલીમ માટે કરવામાં આવશે. જે આ ટેકનિકને ખેડૂતના ઘરઆંગણે પહોંચાડશે એવી આશા રાખવામાં આવે છે કે આ સુવિધા ટૂંક સમયાં સેન્ટર ઓફ એક્સેલન્સ બની જશે. આ સુવિધા વિકસાવવા માટે અમે ભારતીય મૂળની ગાયોના આઈવીએફ ગાયોના સંવર્ધનમાં નિપુણતા ધરાવતી બ્રાઝીલ સરકારની સંશોધન સંસ્થાની સહાય લીધી છે.

# આથી વધારે શાનદાર, જાનદાર અને દમદાર રેલી મેં ક્યારેય નથી જોઈ : શત્રુઘ્ન સિન્હા

## મહારેલીમાં ભાજપના નારાજ નેતાઓ શત્રુઘ્ન સિન્હા, યશવંત સિન્હા અને અરુણ શૌરીએ પણ હાજરી આપી

(એજન્સી) કોલકાતા

કોલકાતામાં મમતા બેનર્જીના નેતૃત્વમાં ૨૨ વિપક્ષી પાર્ટીઓની મહારેલીમાં ભાજપના નારાજ નેતાઓ શત્રુઘ્ન સિન્હા, યશવંત સિન્હા અને અરુણ શૌરીએ પણ હાજરી આપી હતી. મમતા બેનર્જીની ભાજપ વિરોધી રેલીમાં ભાજપના નારાજ નેતા શત્રુઘ્ન સિન્હાએ કહ્યું કે, આના કરતા વધારે શાનદાર, જાનદાર અને દમદાર રેલી મેં આજ સુધી પહેલા ક્યારેય નથી જોઈ. તેમણે કહ્યું કે જ્યારે મને કોઈ પૂછે છે કે તમે ભાજપ સરકારમાં હોવા છતા ભાજપની વિરુદ્ધ કેમ બોલો છો? શું તમે બળવાખોર છો? તો તેમને હું કહેવા માંગુ છું કે જો સાચું બોલવું એ બળવાખોરી કહેવાય તો હા હું છું બળવાખોર. જનતાએ મારી પહેલી જવાબદારી છે, તેથી હું દેશના અને જનતાના હિતમાં હશે તે જ બોલું છું. ભાજપ વિરોધી મહારેલીને સંબોધતા ભાજપ નેતા યશવંત સિન્હાએ કહ્યું કે, આપણે બધા મોદીને સત્તા પરથી હટાવવા માટે ભેગા થયા છે પરંતુ આ પ્રશ્ન કોઈ એક વ્યક્તિનો નથી. આ એક વિચાર અને વિચારધારાનો પ્રશ્ન છે. આપણે તે વિચાર અને વિચારધારાના વિરોધમાં અહીં ભેગા થયા છે. છેલ્લા ૫૬ મહીનામાં જે નુકશાન થયું છે તે નુકશાન પ્રજાને થયું છે. દેશની દરેક સંસ્થાઓને બરબાદ કરવામાં તેમણે કોઈ જ કસર નથી છોડી. આપણે લોકશાહીને બચાવવા માટે અહીં ભેગા થયા છે. આપણા માટે મોદીએ કોઈ મુદ્દો નથી પરંતુ આપણા માટે ખરા મુદ્દાઓ જ મુદ્દા છે. અરુણ શૌરીએ રેલીને સંબોધતા કહ્યું કે, રફાલ જેવું કૌભાંડ તો કોઈ પણ સરકારમાં નથી જોવા મળ્યું. આટલી હદે ખોટું બોલનારી સરકાર પહેલા ક્યારેય નથી આવી. મોદી સરકારે દરેક ધંધા-રોજગારોને બરબાદ કરી દીધા છે. નરેન્દ્ર મોદી અને અમિત શાહ પરથી લોકોને વિશ્વાસ ઉઠી ગયો છે. મોદી હવે સમજી ગયા છે કે સત્તા પરની તેમની પકડ હવે મજબૂત રહી નથી. ઉલ્લેખનીય છે કે, મમતા બેનર્જીએ રેલીને સંબોધવા માટે સૌથી પહેલું આમંત્રણ હાર્દિક પટેલને આપ્યું હતું. પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલે વિપક્ષી મહારેલીમાં કહ્યું કે, દેશને બચાવવા માટે બધા જ વિપક્ષોએ એક થવું જ પડશે. હાર્દિકે એમ પણ કહ્યું કે, સુભાષચંદ્ર બોઝ ગોરાઓ સામે લડ્યા હતા અને આપણે ચોરોની સામે લડવાનું છે.

# ઔધોગિક તાલીમ સંસ્થા ખેરાલુ ખાતે ભરતી મળો યોજાશે

(પ્રતિનિધિ) મહેસાણા

જિલ્લા રોજગાર કચેરી મહેસાણા દ્વારા ૨૩ જાન્યુઆરીના રોજ સવારે ૧૦-૦૦ કલાકે ઔધોગિક તાલીમ સંસ્થા ખેરાલું,દર્શન હોટલની પાછળ ભરતી મેળાનું આયોજન કરાયું છે.જેમાં ખેરાલુ અને વડનગર તાલુકાના રોજગાર વાંચ્છુઓએ બોયાડેટા નંગ-૦૫ તેમજ ફોટા અસલ પ્રમાણપત્ર અને તેની નકલ સાથે સ્વખર્ચે હાજર રહેવા રોજગાર અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું

# ઔધોગિક તાલીમ સંસ્થા મહેસાણા દ્વારા એપ્રેન્ટીસ ઔધોગિક ભરતી મેળો

(પ્રતિનિધિ) મહેસાણા

ઔધોગિક તાલીમ સંસ્થા મહેસાણા દ્વારા એપ્રેન્ટિસ ઔધોગિક ભરતી મેળાનું આયોજન કરાયું છે. ૨૩ જાન્યુઆરીએ સવારે ૧૧-૦૦ કલાકે ઔધોગિક તાલીમ સંસ્થા મહેસાણા શેડ નંબર ૨૦૪, જી.આઈ.ડી.સી ફેઝ-૧ પાણીની ટાંકી પાસે મહેસાણા જેમાં નોકરી દાતા તરીકે ગુજરાત પ્રિન્ટ પેક પ્રા, લિ મહેસાણા છે.જેમાં એપ્રેન્ટીસ ઈલેક્ટ્રીશીયન ૧૦, વાયરમેન ૨ અને ટેકનિશિયન ૪ની જગ્યા છે. આઈ.ટી.આઈ ઈલેક્ટ્રીશિયન, વાયરમેન, ઓટોમોબાઈલ, એન્જીનીયરીંગ, મિકેનીકલ એન્જીનીયરીંગ, મિકેનીકલ સહિત રેફ્રીજરેશન એન્ડ એર કન્ડીશનિંગની શૈક્ષણિક લાયકાત રાખેલ છે. આ ભરતી મેળામાં રોજગાર વાંચ્છુઓએ પોતાના બાયોડેટા ૦૫ અને ફોટા તથા અસલ પ્રમાણપત્ર અને તેની નકલ સાથે સ્વ ખર્ચે હાજર રહેવા જણાવવામાં આવે છે તેમ રોજગાર અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અન્વયે ભરતી મળો યોજાશે

(પ્રતિનિધિ) મહેસાણા

મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અન્વયે મહેસાણા જિલ્લામાં આવેલ વિવિધ એકમોમાં એપ્રન્ટીસની બેઠકો ભરવા માટેનો ભરતી મેળો યોજાનાર છે. આ ભરતી મેળો ઔધોગિક તાલીમ સંસ્થા મહેસાણા શેડ-૨૦૪, જી.આઈ.ડી.સી ફેઝ-૧, પાણીની ટાંકી પાસે મહેસાણા ખાતે ૨૩ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ સવારે ૧૧-કલાકે યોજાશે તેમ આચાર્ય ઔધોગિક તાલીમ સંસ્થા મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

લોકાર્પણ

## તંત્રી મંથન......

# સીબીઆઇમાં જેની સામે આક્ષેપ છે તે માણસ કર્તાહર્તા નહિ બને

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે ગયા અઠવાડિયે સીબીઆઈના એ વખતના ડિરેક્ટર આલોક વર્માનું પડીકું કરી નાંખી સૌને આંચકો આપી દીધેલો. આલોક વર્મા અને મોદી સરકારના માનીતા ગણાતા સ્પેશિયલ ડિરેક્ટર રાકેશ અસ્થાનાની ગોધાલડાઈમાં કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે અસ્થાનાનો પક્ષ લઈને વર્માને કોરાણે મૂકવા રજા પર ઉતારી દીધેલા. વર્મા તેની સામે સુપ્રીમ કોર્ટમાં ગયેલા ને સુપ્રીમ કોર્ટે વર્માને પાછા સીબીઆઈના કર્તાહર્તા તરીકે બેસાડી દીધેલા. વર્માએ ગયા ગુરુવારે સીબીઆઈના વડા તરીકે ચાર્જ લઈને ધડાધડી શરૂ કરી એ સાથે જ મોદી સરકાર ભડકી ગઈ. સીબીઆઈના વડા અંગે કોઈ પણ નિર્ણય લેવા માટે સિલેક્શન પેનલ છે. વડા પ્રધાન, દેશની સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા એ ત્રણ મહાનુભાવો આ પેનલના સભ્ય હોય છે. જસ્ટિસ રંજન ગોગોઈ અત્યારે ચીફ જસ્ટિસ છે પણ તેમણે જસ્ટિસ સિક્રીને પોતાના પ્રતિનિધિ તરીકે આ પેનલમાં મૂક્યા છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે પેનલના ત્રીજા સભ્ય છે. મોદી સરકારે તાબડતોબ સિલેક્શન પેનલની બેઠક બોલાવી. તેમાં ખડગે વર્માની તરફેણમાં રહ્યા પણ મોદી અને જસ્ટિસ સિક્રીએ વર્માને ખસેડવા મત આપતાં ૨ વિરુધ્ધ ૧ મતે આલોક વર્માનું પડીકું કરી નંખાયું. ખડગે બૂમાબૂમ કરતા રહ્યા ને મોદી સરકારે વર્માને સીબીઆઈના ડિરેક્ટરપદેથી દૂર કરીને ફાયર સેફ્ટી, હોમ ગાર્ડ્સ ને સિવિલ ડીફેન્સ જેવાં કોઈ જ્યાં ભાવ ના પૂછે એવા વિભાગોના ડાયરેક્ટર જનરલ (ડી.જી.) બનાવીને સીબીઆઈમાંથી તેમને રવાના કરી દીધા. સામે વર્માએ પણ ફૂંફાડો મારીને રાજીનામું ધરી દીધું ને સાવ છૂટા થઈ ગયા. વર્માની વિદાયનો મામલો હજુ ટાઢો પડ્યો નથી ત્યાં મોદી સરકારે બરાબર એક અઠવાડિયા પછી ગુરૂવારે રાત્રે વધુ એક આંચકો આપી દીધો. મોદી સરકાર રાકેશ અસ્થાનાને સીબીઆઈના ડિરેક્ટર બનાવવા માંગે છે એટલે આ બધા ઉધામા થાય છે તેવી માન્યતા વચ્ચે મોદી સરકારે રાકેશ અસ્થાનાને જ ખંખેરી નાંખ્યા. ગુરૂવારે રાત્રે તાબડતોબ ફરમાન બહાર પાડીને સીબીઆઈના ચાર અધિકારીની બદલી કરાઈ દેવાઈ ને તેમાં રાકેશ અસ્થાના પણ આવી ગયા. રાકેશ અસ્થાના ઉપરાંત મોદીના માનીતા ગુજરાત કેડરના બીજા આઈપીએસ અધિકારી એ. કે. શર્મા, એમ. કે. સિન્હા અને જે. જે. નૈકનવારેને પણ ખંખેરી નાંખી તેમની બદલી કરી દેવાઈ. રાકેશ અસ્થાનાને પણ આલોક વર્માની જેમ સાવ ફાલતુ વિભાગમાં મૂકી દેવાયા છે ને સિવિલ એવિએશન સિક્યોરિટી બ્યુરોમાં હેડ બનાવી દેવાયા. અરુણકુમાર શર્માને સીઆરપીએફના એડિશનલ ડી.જી. બનાવીને રવાના કરી દેવાયા તો નેશનલ સિક્યુરિટી એડવાઈઝર અજિત ડોવલ સામે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ કરનાર મનિષકુમાર સિંહા અને જયંત નૈકનવારે બંનેને કોઈએ નામ પણ ના સાંભળ્યું હોય તેવા બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં મૂકી દેવાયા છે. મોદી સરકારે વર્માને રવાના કર્યા તેમાં વર્માનો પૂરો વાંક હતો. અસ્થાનાનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો એટલે મોદી સરકારે અસ્થાનાને રજા પર ઉતારવા પડેલા ને અસ્થાનાને સાચવવા વર્માને પણ રજા પર ઉતારી દીધેલા. સુપ્રીમે મોદી સરકારનો નિર્ણય રદ કર્યો એટલે વર્મા પાછા આવ્યા ને એ વખતે પૂરા રાજાપાઠમાં હતા. વર્મા એવું માનીને બેઠેલા કે, સુપ્રીમ કોર્ટનું છત્ર છે એટલે હવે કોઈ પોતાનું કશું તોડી નહીં શકે. તેમણે પાછા આવીને ધડાધડ બદલીઓ રદ કરી ને પોતે બોસ છે તેવું સ્થાપિત કરવા ગયા તેમાં વધેરાઈ ગયા. વર્મા પોતાનો અહમ્ સંતોષવામાં ના પડ્યા હોત તો ના ગયા હોત પણ એ વધારે પડતા ફોર્મમાં આવી ગયા તેમાં મોદીએ તેમને પોતે જ અસલી બોસ છે એ બતાવવા તેમને રવાના કરી દેવડાવ્યા. મોદી સરકારે લીધેલા નિર્ણય માટે વર્મા જવાબદાર હતા જ પણ છાપ એવી પડેલી કે, મોદીએ અસ્થાનાને સાચવવા સત્તાનો દુરુપયોગ કર્યો છે. અસ્થાનાને મોદી કેમ આટલા સાચવે છે એવો સવાલ પણ ઘણાંને થવા માંડેલો ને તેના કારણે મોદીની પોતાની નિયત સામે સવાલ થવા લાગેલા. મોદીએ ગુરુવારે એકઝાટકે એ બધા સવાલોના જવાબ આપી દીધા. અસ્થાના મોદી સરકારના પહેલા ખોળાના છે નહીં કે તેમને અમારે ગમે તે રીતે સાચવવા પડે એવો સ્પષ્ટ મેસેજ મોદીએ આ નિર્ણય દ્વારા આપી દીધો છે. સાથે સાથે ભ્રષ્ટાચારીઓને છાવરવા બદલ પોતાની સામે કમસે કમ આ મામલામાં તો આંગળી ના ચીંધી શકાય એવી સ્થિતિ તેમણે સર્જી દીધી છે. એ સિવાય બીજો એક મેસેજ પણ તેમણે સરકારી અધિકારીઓને આપી દીધો છે કે, તમે સરકારના માનીતા હો તેનો અર્થ એ નથી કે સરકારમાં બેઠેલાં લોકો તમારાં બધાં પાપોનો બોજ વેંઢારીને ફર્યા કરે ને તમને છાવર્યા કરે. મોદી સરકારનો આ નિર્ણય દેર આયે દુરસ્ત આયે જેવો છે ને તેના કારણે કમસે કમ હાલ પૂરતો તો રાકેશ અસ્થાના જેવા શંકાસ્પદ વ્યક્તિત્વ ધરાવતા અધિકારી સીબીઆઈના વડા તરીકે બેસે એવો ખતરો ટળી ગયો છે. અસ્થાના પહેલાં ગુજરાત કેડરમાં આઈપીએસ હતા ને એ વખતે તેમની ઈમેજ સારી હતી. આપણે ત્યાં મીડિયા ગમે તે પોલીસને સિંઘમ બનાવી દે છે ને ગમે તેને ચ્યુઈંગ ગમ બનાવી દે છે. અસ્થાનાના કિસ્સામાં પણ એવું જ થયેલું. અસ્થાનાએ વરસો પહેલાં સીબીઆઈના અધિકારી તરીકે ઘાસચારા કૌભાંડમાં લાલુ પ્રસાદ યાદવ સામે ચાર્જશીટ દાખલ કરેલી તેમાં મીડિયા તેમના પર વારી ગયેલું ને તેમના માથે જાંબાઝ અધિકારી તરીકેનું છોગું લગાડી દીધેલું. મોદી પોતે પણ કદાચ અસ્થાનાની આ ઈમેજની ભૂરકીમાં આવી ગયા હશે તેથી વડા પ્રધાન બન્યા પછી એ અસ્થાનાને સીબીઆઈમાં લઈ ગયા. સીબીઆઈમાં ગયા પછી અસ્થાનાની આબરૂના ધજાગરા થવાની શરૂઆત થઈ ને તેમણે કરેલા ધંધા ખૂલવા માંડ્યા. વડોદરાની સ્ટર્લિંગ બાયોટેક નામની કંપનીએ બૅંકોનું કરોડોનું કરી નાંખ્યું છે. રાકેશ અસ્થાના વડોદરામાં પોલીસ કમિશનર હતા ત્યારે સ્ટર્લિંગના કૌભાંડમાં મદદગાર હતા તેવા આક્ષેપ થયેલા, અસ્થાનાની દીકરીનાં લગ્ન વડોદરામાં થયેલાં. વડોદરાના રાજવી પરિવારના પેલેસમાં આ લગ્ન કરાયેલાં ને ધૂમ પૈસો ખર્ચાયેલો. આ બધો ખર્ચ સ્ટર્લિંગવાળા સાંડેસરાએ ઉઠાવેલો તેવા અહેવાલો અચાનક બહાર આવી ગયા ને તેમાં જ અસ્થાનાની આબરૂનો ફાલુદો થવાની શરૂઆત થયેલી. મોદી સરકાર એ વખતે અસ્થાનાને સીબીઆઈના કર્તાહર્તા બનાવવાની ફિરાકમાં હતી પણ આ ભાંડો ફૂટ્યો તેમાં અસ્થાના લટકી ગયા. સુપ્રીમ કોર્ટે મોદી સરકારને બીજા કોઈને ડિરેક્ટર બનાવવા ફરમાન કરેલું તેથી મોદી સરકારે આલોક વર્માને ડિરેક્ટર બનાવવા પડ્યા. અસ્થાનાને પ્રમોશન આપીને સ્પેશિયલ ડિરેક્ટર બનાવાયા પણ અસ્થાના એમ માનતા હતા કે, અસલી બોસ પોતે જ છે. પોતાને બિગ બોસનું રાજકીય છત્ર છે તેથી પોતાનું ધાર્યું જ થાય એમ માનીને વર્તતા હતા તેમાં વર્માની ઝપટે ચડી ગયા. વર્મા કાચા ખેલાડી નથી ને તેમણે અડધી જિંદગી દિલ્હી પોલીસમાં કાઢી છે એટલે દિલ્હીમાં કઈ રીતે કામ કરવું તેનો અનુભવ હોય જ. તેમણે અસ્થાનાને કુરેશી કેસમાં ભેરવી દીધા. અસ્થાના સામે મટનના વેપારી મોઈન કુરેશીના દલાલ પાસેથી પાંચ કરોડ રૂપિયાની લાંચ લેવાનો કેસ થયો ને અસ્થાના સામે સીબીઆઈએ આ મામલે એફઆઈઆર પણ દાખલ કર્યો છે. આ કેસ દાખલ થયો પછી અસ્થાનાની હાલત વધારે બગડી. બાકી હતું તે હાઈ કોર્ટે કે સુપ્રીમ કોર્ટ તેમને કોઈ રાહત આપવા તૈયાર નથી. અસ્થાનાએ ખરેખર ભ્રષ્ટાચાર કર્યો છે કે નહીં એ ખબર નથી પણ તેમની આબરૂ તો ધૂળધાણી થઈ જ છે ને એ ધૂળ મોદી સરકાર પર પણ પડવા લાગી હતી. મોદી સરકારે એક હદ સુધી તેમને સાચવ્યા પણ અસ્થાનાનું ચિતરામણ વધતું જ જાય છે તેથી હવે મોદી સરકાર પણ તેમને શું કરવા સાચવે ? અસ્થાના વફાદાર હશે ને પરમ ભક્ત પણ હશે પણ એ નહીં હોય તો ભાજપ પતી જશે એવું નથી. સામે એ સીબીઆઈમાં રહે તો વિપક્ષોને મોદી સરકાર સામે બોલવા માટે મોકો રહે. આવી બધી વાતો ચૂંટણીમાં ભારે પડતી હોય છે તેથી તેમને ખંખેર્યા વિના છૂટકો નહોતો.

# લો બોલો સાહેબ, પોતાનાઓ એ જ કહી દીધું સરકાર બરાબર કામ નથી કરી રહી !

ભારતની સરહદે યુધ્ધ નથી છતાં આપણા જવાનો શહિદ કેમ થઇ રહ્યા છે. યુધ્ધ હોય તો આપણા જવાનો દેશની રક્ષા માટે શહિદ થાય તે સ્વાભાવિક છે. પરંતુ યુધ્ધ નથી છતાં જવાનો શહિદ થઇ રહ્યા હોય તો તેનો મતલબ કે સરકાર બરોબર કામ નથી કરી રહી....આ પ્રકારનો નજર અંદાજ કે આંકલન બીજા કોઇએ નહી પરંતુ જેના ઈશારા પર કેન્દ્રની વર્તમાન મોદી સરકાર ચાલી રહી છે તે સંગઠન આરએસએસના વડા મોહન ભાગવતજીએ આ કહ્યું છે અને એ પણ જાહેર કાર્યક્રમમાં. આરએસએસ કે જે સંઘના નામથી ઓળખાય છે તે સંગઠને નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવા માટે પોતાની તમામ તાકાત લગાડી દીધી હતી. સરકારનો કાર્યકાળ પૂરો થવામાં છે ત્યારે ભાગવતજીને એકાએક યાદ આવ્યું કે કાશ્મિરમાં ભારતના જવાનો શહિદ થઇ રહ્યા છે..! કાશ્મિરમાં ભાજપએ પીડીપી સાથે સરકાર બનાવી ત્યારે ભાગવતજી મૌન બાબા બની ગયા હતા. એ સમયે પણ કાશ્મિરમાં આપણા જવાનો શહિદ થઇ રહ્યા હતા પરંતુ પીડપી સાથે સરકાર બનાવવાની હતી ત્યારે આ જવાનો યાદ ના આવ્યા. હવે તેમને લાગી રહ્યું છે કે ના આવુ નહીં ચાલે. આ સરકાર બરાબર રીતે યોગ્ય રીતે કામ નથી કરી રહી. એ કહેવત છે ને કે પારકાઓમાં દમ ક્યાં હતો....નાવ ત્યાં ડૂબી ગઇ કે જ્યાં પાણી ઓછું હતુ. વર્તમાન સરકારને કોંગ્રેસ સહિતના તમામ પક્ષોએ ઘેરી રાખી છે. બોફોર્સ જેવો મામલો,રાફેલ જેવો થવા જઈ રહ્યો છે. સરકાર પાછા પગે છે. ક્યારે સામ-સામા લડવાવાળા પક્ષ સપા અને બસપા એક થઇ ગયા એ પણ ભાજપના કારણે થઇ રહ્યું છે. સરકારના વિરોધમાં આરોપ છે કે સરકારી તપાસ એજન્સીઓનું રાજકીય રીતે અને પોતાની વાત નહીં માનવાવાળા પક્ષ કે નેતાને પરેશાન કરવા માટે થઇ રહ્યા છે. કેટલાયે સાથી પક્ષો સરકારનો સાથ છોડી ગયા છે. એવામાં પોતાની જ સરકારના કામકાજ અંગે જ્યારે પોતાના જ ટીકાઓ કરે કે સવાલ કરે ત્યારે તેનો જવાબ મળવો મુશ્કેલ બની જાય છે. કેમ કે ભાગવતજીએ સેનાના જવાનોની શહિદિ અંગે સવાલ કર્યા. પરંતુ તેનો જવાબ આપવાની આ સરકારના કોઈ પણ મંત્રીમાં નૈતિક હિંમત નથી. તેઓ એક શબ્દ પણ નહીં બોલે. ભાગવતજીની જગ્યાએ જો કોઇ નેતા વિરોધ પક્ષનાએ આ સવાલ કર્યો હોત તો કેટલાય મંત્રીઓએ પ્રેસ કોન્ફરન્સ કરી તેનો આકરો જવાબ આપ્યો હોત અને તેને દેશદ્રોહી કહી દીધો હોત. પરંતુ પોતાના જ તોપચી બનીને આરોપોના ગોળા ફેંકે તો તેનાથી કોણ બચાવે...? જમ્મુ-કાશ્મિરની હાલની સ્થિતિ માટે આગલી પાછલી સરકારો કે નેતાઓને દોષ આપવાથી શાંતિ અને ખુશલાહી નહીં આવે. કોણે શું કર્યું કેમ કર્યુ ફલાણા નેતા વડાપ્રધાન બન્યા હોત તો કાશ્મિર સેનાનું થઇ જાત આવુ બધુ કહેવાને બદલે પોતે જ એવું કરે કે આવનારી પેઢીઓ કહે કે નહેરુએ બગાડ્યુ મોદીએ સંવાર્યુ...!!! કાશ્મિરમાં જ્યાં સુધી શાંતિની સ્થિતિ ના બને ત્યાં સુધી જવાનોએ પણ દુશ્મનોનો સામનો કરવા માટે હર પળ જાગૃત રહેવું પડશે અને બની શકે કે શહિદ પણ થવું પડશે. ભાગવતજીએ જો ૨૦૧૪માં જ સરકારને કહ્યું હોત કે કાશ્મિરને માટે એવી નીતિ અને એજંડા બને કે એક પણ જવાનને શહિદ ના થવું પડે તો બની શકે કે ત્યાં શાંતિ સુખચેનની કાંઇક સ્થિતિ બનત. હવે તો બધા ત્યાં નિષ્ફળ થઇ ગયા છે. બધાએ પોત પોતાની રાજકીય રોટી શેકી લીધી અને કાશ્મિર હવે અશાંતિની આગમાં છે અને આતંકીઓનો સામનો કરતા કરતા આપણા જવાનો શહિદ થઇ રહ્યા છે. ભાગવતજી તમે મોડા આવ્યા પરંતુ વાંધો નહીં આવ્યા ખરો ખરા...!!! સૉરી...!



# એનડીડીબીએ ઈન વીટ્રો ફર્ટીલાઈઝેશન વડે ગાયોમાં ઉચ્ચ કક્ષાની પ્રજાતિ વિકસાવી

(પ્રતિનિધિ) આણંદ,

એક ગીર ઓલાદનું અને બીજુ શાહિવાલ ઓલાદનું એમ બે વાછરડાંને ઈન વીટ્રો ફર્ટીલાઈઝેશન વડે જન્મ આપવામાં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડે (એનડીડીબી) આણંદમાં સ્થાપેલા અદ્યતન એકમને સફળતા હાંસલ થઈ છે. ગર્ભને ફલિત કરવાની આ પ્રણાલીને માનવજાત સામાન્ય રીતે ટેસ્ટ ટ્યુબ બેબી તરીકે ઓળખે છે. આ ટેકનિકમાં ઉચ્ચ ઓલાદની ખૂબ વધારે જથ્થામાં દૂધ આપતી હોય તેવી ગાયોને પસંદ કરવામાં આવે છે. આવી પસંદ કરાયેલી ગાયોને ડોનર કાઉ તરીકે ઓળખવામાં આવે છે. આવી પસંદગીની ડોનર ગાયોના ગર્ભાશયમાંથી રજ:પિંડ (ગર્ભ બીજ) લેવામાં આવે છે, જેને ઓવમ પિકઅપ તરીકે ઓળખવામાં આવે છે. આ રીતે એકત્ર કરાયેલા રજ:પિંડને ઉચ્ચ ઓલાદના આખલાના વિર્ય સાથે ફલિત કરવામાં આવે છે. પ્રયોગ શાળામાં આ પ્રક્રિયા ૭ દિવસ સુધી વિકસવા દીધા પછી આવા ગર્ભને ઓછુ દૂધ આપતી ગાય (સરોગેટ માતા)ના ગર્ભાશયમાં તબદીલ કરવામાં આવે છે. નવ માસના ગર્ભધારણ પછી વાછરડાને જન્મ આપે છે. બે-ત્રણ સપ્તાહ પછી ગર્ભબીજ એકત્ર કરવામાં આવે છે અને ગર્ભને લોબોરેટરીઓમાં વિકસિત થવા દેવા માટે એક વર્ષમાં ઘણીવાર મોકલવામાં આવે છે. સામાન્ય રીતે એક ગાય વર્ષમાં એક વાછરડાને જન્મ આપતી હોય છે. પરંતુ આ ટેકનિક વડે આ પ્રક્રિયાનું ઘણી વાર પુનરાવર્તન કરવામાં આવે છે. સામાન્ય રીતે ગાય એક વર્ષમાં એક વાછરડાને જન્મ આપે છે પણ આ પ્રક્રિયા વડે ઉચ્ચ ઓલાદની ગાય વડે ૨૦ થી ૨૫ વાછરડાં મેળવી શકાય છે. આ ટેકનોલોજી વડે ઉચ્ચ ઓલાદની ગીર, શાહિવાલ, રેડ સીંધી, અને થરપારકર જેની ગાયોની સંખ્યામાં અનેક ગણો વધારો કરી શકાય તેમ છે.

## ગાયને બચાવવા જતાં વાન-ટ્રક વચ્ચે અકસ્માત

(પ્રતિનિધિ) અમરેલી,

બાબરા પાસે થયેલા અકસ્માતમાં બે યુવાનના મોત નિપજ્યાં હતાં. વાન અને ટ્રક વચ્ચે થયેલા આ અકસ્માતમાં વાનમાં બેઠેલા બે યુવાનના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતાં વાનનો કચ્ચરઘાણ વળી ગયો હતો. ઘટનાને પગલે મોટી સંખ્યામાં સ્થાનિકો ભેગા થઇ ગયા હતા અને પોલીસને ઘટના અંગે જાણ કરી હતી. વહેલી સવારે વાનમાં બે યુવાનો ભાવનગર જઇ રહ્યાં હતાં, ત્યારે બાબરાના ગળકોટડી ગામ પાસે અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી પ્રમાણે, રસ્તાની વચ્ચે ગાય આવી જતાં તેને બચાવવા જતાં વાન સામેથી આવી રહેલાં ટ્રક સાથે ટકરાઇ હતી.

## ગાયને બચાવવા જતાં વાન-ટ્રક વચ્ચે અકસ્માત

પ્રસિદ્ધ હાસ્યલેખક અને નાટ્યકાર તારક મહેતાનાં ધર્મપત્ની ઈન્દુ તારક મહેતાનું અમદાવાદ ખાતે ૭૫ વર્ષની વયે અવસાન થયું છે. થોડા દિવસ પૂર્વે આવેલા હાર્ટ અટેકને પગલે તેમને અમદાવાદની ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં. ત્યાં તેમની સ્થિતિ વધુ બગડેલી અને તેઓ કોમામાં ચાલ્યા ગયેલાં. ગયા વર્ષે ૧ માર્ચના રોજ તારક મહેતાનું ૮૭ વર્ષની વયે અવસાન થયેલું. ત્યારપછી ઈન્દુબેનની તબિયત નરમ ગરમ રહ્યાં કરતી હતી.ઈન્દુબેન મહેતાની અંતિમ યાત્રા અમદાવાદ ખાતેના નિવાસસ્થાન 'પેરેડાઈઝ એપાર્ટમેન્ટ' ખાતેથી નીકળી અને પાલડી ખાતે આવેલા વી.એસ. સ્મશાનગૃહમાં તેમની અંતિમ વિધિ કરાઈ.

# મહાસંમેલનની મંજૂરી ન મળતાં માલધારી સમાજ દ્વારા ઉગ્ર વિરોધની ચીમકી અપાઈ

(પ્રતિનિધિ) અમદાવાદ,

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ વિવિધ સમાજ પોતાનું શક્તિપ્રદર્શન કરી આડકતરી રીતે નેતાઓ અને પાર્ટીઓને સંદેશો આપી રહ્યાં છે. આવી જ રીતે અમદાવાદ ખાતે માલધારી સમાજ મહાસંમેલનનું આયોજન કર્યું છે, આ સંમેલનમાં ગૌચરની જમીન , શિક્ષણ અને ઘાસચારા સહીતના મુદ્દાઓ પર ચર્ચા થવાની હતી, જો કે ચર્ચા થાય એ પહેલા જ વિવાદ સર્જાયો છે, સ્થાનિક પ્રસાસને સંમેલન માટે મંજૂરી ન આપી, હવે નારાજ લોકો હાલ શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહ્યાં છે. પોતાની વિવિધ માગણીઓ લઈને માલધારી સમાજના લોકો માટે મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમંલનમાં પહેલીવાર રબારી , ભરવાડ , ચારણ , ગઢવી અને માલધારી લોકો એક મંચ પર આવ્યા હતા. જે દરમિયાન ગૌચર ની જમીન , શિક્ષણ અને ઘાસચારા સહીતના મુદ્દાઓ પર ચર્ચા થવાની હતી. તો આ સંમેલનમાં અલ્પેશ ઠાકોર , કિર્તીદાન ગઢવી , જીગ્નેશ કવિરાજ સહિત ના મહાનુભાવો ઉપસ્થિત રહેવાના હતા. સમંલનની તમામ તૈયારીઓ થઇ ગઇ, અમદાવાદમાં વસ્ત્રાપુર પાસે મંજૂરી પણ આપી દેવામાં આવી. પરંતુ છેલ્લી ઘડીએ સંમેલનની મંજૂરી રદ કરી દેવાતા સંમેલન સંચાલકો ઉશ્કેરાયા હતા, સભા સ્થળે વસ્ત્રાપુર પોલીસ પહોંચી હતી અને સંમેલન બંધ કરવાના પ્રયાસો કરાયા હતા. જો કે આ દરમિયાન પોલીસ અને માલધારી સમાજના લોકો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઇ હતી. કેટલાક માલધારીઓ ધરણા પર પણ બેસી ગયા હતા. મહાસંમેલનમાં મોટી સંખ્યામાં માલધારી મહિલાઓ પણ હાજર રહી હતી. જો કે અચાનક મંજૂરી રદ કરતાં મહિલાઓ દ્વારા ભજન શરૂ કરી વિરોધ શરૂ કરવામાં આવ્યો હતો. જ્યાં સુધી મંજૂરી નહીં મળે ત્યાં સુધી ભજન ચાલુ રાખવાની ચિમકી પણ ઉચ્ચારી હતી.

# પત્નીએ લિવરનું દાન આપ્યુ છતાં પતિની જિંદગી ન બચી

(પ્રતિનિધિ) મોરબી,

નારી તું નારાયણી.કહેવાય છે મોતના મુખમાં ધકેલાતા પતિને બચાવવા પત્ની પોતાનું જીવન પણ હોડમાં મૂકી દે છે.પરંતુ મોરબી જિલ્લામાં માથક ગામના એક હદયદ્રવક કિસ્સામાં કમળા અને લીવરની બીમારીથી પીડાતા પતિને મોતના મુખમાંથી ઉગારવા પત્નીએ લીવર આપી દીધું હતું. પરંતુ કુદરતને કદાચ આ વાત મંજુર ન હોય તેમ થોડા દિવસોમાં પતિનું મોત નિપજતા પત્ની પર આભ તૂટી પડયું છે. મોરબી જિલ્લાના માથક ગામની કરુંણ દાસ્તાનની વિગતો જોઈએ તો માથક ગામે રહેતા અત્યંત ગરીબ પરિવારના યુવાન પુત્ર ઉદયભાઈ હરજીવનદાસ શુક્લ છેલ્લા એક વર્ષથી કમળો અને લિબરની બીમારીથી પીડાતા હતા.મોત સામે ઝઝૂમતા પતિને બચાવવા માટે કર્તવ્ય પરાયણ પત્ની જયાબેન તેમનાથી બનતું તમામ કરી છૂટયા હતા અને રાતદિવસ જોયા વગર પતિની ખૂબ ન કાળજીપૂર્વક સેવાચાકરી કરતા હતા. દરમ્યાન ડોકટરે તેંમના પતિનું નિદાન કરી જણાવ્યું હતું કર, તેમના પતિનું લીવર ખરાબ થઈ ગયું હોવાથી લીવર બદલવું પડશે. આ વાત જાણી પત્ની જયાબેન પતિને જીવતદાન આપવા માટે જરાય વિલંબ કર્યા વગર પોતાના શરીરનું મહત્વનું અંગ લિવરનું દાન તૈયાર થઈ ગયા હતા અને પતિવ્રતા નારીએ પતિને લિવરનું દાન કર્યું હતું. લિવરનું દાન કરવાથી પતિને જીવતદાન આપ્યાની ખુશી તેમના મનમાં ખુશી સમાતી ન હતી. પરેતું આ ખુશી કદાચ કુદરતને ગમી ન હોય તેમ લીવર આપ્યાના સાત દિવસમાં કાળએ પતિને છીનવી લીધો હતો. મહત્વનું શરીરનું અંગ આપ્યા છતાં પણ પતિનું મોત નિપજતા તેમની અર્ધાગીનીએ હૈયાફટ આક્રંદ કરી મૂક્યું હતું.આ કરુણ બનાવથી નાના એવા માથક ગામે ભારે શોકવ્યાપી ગયો હતો.

# ૪૩૨ લોકોએ હિન્દુ ધર્મ છોડીને રીતે બૌધ્ધ ધર્મ અંગીકાર કર્યો

(પ્રતિનિધિ) સુરત,

હિન્દુ ધર્મ છોડીને કાયદેસર રીતે ૪૩૨ લોકોએ બોધ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો. વર્ષ ૨૦૧૩થી શરૂ કરેલી પ્રક્રિયામાં ક્લેક્ટરની મંજૂરી મળતાં બૌધ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો. ગોડાદરાના મંગલ પાંડે કોમ્યુનિટી હોલ ખાતે ધર્મ પરિવર્તનના યોજાયેલા કાર્યક્રમમાં બૌધ્ધ ગુરૂઓ ઉપસ્થિત રહ્યાં હતાં. બૌધ્ધ ધર્મ પરિવર્તન સમિતીના કન્વીનર પરિક્ષીત રાઠોડે જણાવ્યું હતુ કે, છ વર્ષ અગાઉ તેમણે અરજી દાખલ કરી હતી. પરંતુ કોઈક કારણસર અટકી જતી હતી. આ વખતે ડો. ધવલ પટેલે મંજૂરી આપીને રાજ્ય સરકારને અને અમને કોપી મોકલી આપી હતી. કુલ ૫૧૫ લોકોએ અરજી કરી હતી. પરંતુ સમયની સાથે લોકોનું માઈગ્રેશન અને અવસાન તથા અમુક ડોક્યુમેન્ટ પુરતા ન હોવાથી કુલ ૪૩૨ લોકોએ ધર્મ પરિવર્તન કર્યુ છે. કન્વીનર પરીક્ષિત રાઠોડે કહ્યું કે, ધર્મપરિવર્તન અંગેની કાયદાની લાંબી પ્રક્રિયા પૂર્ણ કરાયા બાદ પ્રમાણપત્રના વિતરણ માટે આ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતુ.આ અંગે કલેક્ટર ધવલ પટેલે જણાવ્યું કે, છેલ્લાં પાંચ વર્ષમાં ધર્મપરિવર્તન કરવા માટે ૫૦૦થી વધારે લોકોએ જિલ્લા અધિકારીઓને અરજી કરી છે. આ લોકો કોઈના દબાણમાં આવીને અથવા પોતાની ઈચ્છાથી ધર્મપરિવર્તન કરી રહ્યા છે તે જાણવા માટે પોલીસે પૂછપરછ કરી હતી. જેમાંથી વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી ૪૩૨ કેસોનો નિકાલ કરીને તેમને ધર્મપરિવર્તન માટે મંજૂરી આપી હતી.

# સરકારી પ્રાથમિક શાળાઓમાં નિ:શુલ્કમાં સેનેટરી પેડ અપાશે

(પ્રતિનિધિ) મહેસાણા,

મહેસાણા જિલ્લા પંચાયત દ્વારા એક કાંકરે બે પક્ષી મારવાનો પ્રયાસ કરાયો છે. મહેસાણાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા શાળામાં ભણતી બાલિકાઓને મફતમાં સેનેટરી પેડ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે અને તે સેનેટરી પેડ મહેસાણાની જ સખી મંડળ બનાવીને રોજગારી પણ મેળવશે. મહેસાણાની સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને માસિક સમયે સેનેટરી પેડ આપવા જિલ્લા પંચાયત દ્વારા પેડ બનાવવાનું મશીન પણ વસાવાયું છે અને પેડનું પ્રોડક્શન પણ શરૂ કરી તેનું વિતરણ કરવાનો પ્રારંભ ટૂંક સમયમાં શરૂ થશે. જેથી ગુજરાત આખામાં આજ એવી જિલ્લા પંચાયત પેડ પંચાયત તરીકે ઉભરી આવી છે. મહેસાણા જિલ્લાની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતી કિશોરીઓ માસિક અંગે યોગ્ય જાણકારીનો અભાવ તેમજ આર્થિક અક્ષમતાના કારણે કપડાનો ઉપયોગ કરતી હોય છે ત્યારે ઈન્ફેક્શન થવાની સંભાવના વધી જાય છે, કપડાનો ઉપયોગ આરોગ્યની દૃષ્ટિએ હાનિકારક ઉપરાંત ક્યારેક વિદ્યાર્થિનીઓ ક્ષોભ જનક સ્થિતિમાં મૂકાઈ જતી હોય છે ત્યારે મહેસાણા જિલ્લા પંચાયત દ્વારા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધો.૬થી ૮ અભ્યાસ કરતી આવી વિદ્યાર્થિનીઓને જરૂરિયાત મુજબ પેડ પૂરાં પાડવા માટે વાર્ષિક રૂ.૫૦ લાખની રકમની બજેટમાં જોગવાઈ કરાઈ છે અને તે અંગે સંપૂર્ણ માહિતી પણ આપવામાં આવી છે જે સેનેટરી પેડ મહેસાણા જિલ્લાની સખી મંડળની બહેનો બનવાશે જગ્યા સહિત મશીનરી જિલ્લા પંચાયતની રહેશે અને આ સેનેટરી પેડ જેટલા બનશે તેમાંથી મહિલાઓને રોજગારી પણ આપવામાં આવશે.

# આપની આજ

મેષ (અ.લ.ઈ.) :- ઉત્તમ દિવસ, ભૂતકાલીન રોકાણનું આકર્ષક વ્યાજ મળી શકે, સામાજીક બાબતો પણ સાનુકુળ.

વૃષભ (બ.વ.ઉ.) :- કનિષ્ઠ દિવસ, આર્થિક બાબતોમાં કાળજી લેવી, સામાજીક બાબતો દોડધામમય રહે, મહિલાવર્ગને કાળજી રાખવી.

મિથુન (ક.છ.ઘ.) :- મધ્યમ દિવસ, આર્થિક બાબતો સરળ રહે, સામાજીક બાબતોમાં સંભાળવું, મહિલાવર્ગને શાંત દિવસ.

કર્ક (ડ.હ.) :- કનિષ્ઠ દિવસ, સામાજીક દોડધામ અકળાવશે, આર્થિક બાબતો પણ ખર્ચાળ રહે,મહિલાવર્ગને શાંતિ જાળવવી.

સિંહ (મ.ટ.) :- ઉત્તમ દિવસ, કોઇ સામાજીક કાર્ય આટોપી શકશો, આર્થિક બાબતો સાનુકુળ, મહિલાવર્ગને સાનુકુળતા.

કન્યા (પ.ઠ.ણ.) :- મધ્યમ દિવસ, કોઇ આર્થિક કાર્ય પાર પડે, સામાજીક બાબતો અકળાવી જાય, મહિલાવર્ગને શાંતિ જાળવવી.

તુલા (ર.ત.) :- ઉત્તમ દિવસ, કોઇ સામાજીક બાબતોમાં કાળજી રાખવી, આર્થિક બાબતો પણ સાનુકુળ રહેશે, મહિલાવર્ગને સંભાળવું.

વૃશ્ચિક (ન.ય.) :- કનિષ્ઠ દિવસ, કોઇ આકસ્મિક ખર્ચ આવી પડે, સામાજીક બાબતો પણ કષ્ટપ્રદ, મહિલાવર્ગને શાંતિ જાળવવી.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- મધ્યમ દિવસ, આર્થિક બાબતો ખર્ચાળ છતાં સામાજીક બાબતો સાનુકુળ, મહિલાવર્ગને શાંતિ જાળવવી.

મકર (ખ.જ.) :- કનિષ્ઠ દિવસ, કોઇ સામાજીક અંતરાય પાર કરવો પડે, આર્થિક બાબતો પ્રતિકુળ, મહિલાવર્ગને મૌન સેવવું.

કુંભ (ગ.શ.સ.) :- ઉત્તમ દિવસ, કોઇ આર્થિક કાર્ય પાર પડશે, સામાજીક બાબતોમાં સાનુકુળતા, મહિલાવર્ગને સંભાળવું.

મીન (દ.ચ.ઝ.) :- કનિષ્ઠ દિવસ, સામાજીક બાબતો દોડધામમય, આર્થિક બાબતો ખર્ચાળ રહે, મહિલાવર્ગને સંભાળવું.

# રમત-જગત

## ભારત કરતાં બીજા દેશોમાં મહિલાઓનું સન્માન સૌથી વધારે છે : પી. વી. સિંધુ

ઓલિમ્પિક મેડલ વિજેતા અને વિશ્વભરમાં પોતાનો ડંકો વગાડનાર બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુએ દેશમાં મહિલાઓ પ્રતિ લોકોના વલણ પર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, બીજા દેશોમાં મહિલાઓનું ખુબ સમ્માન આપવામાં આવે છે પરંતુ અહીં ખુબ ઓછા લોકો આ વાતને ધ્યાનમાં રાખે છે. પીવી સિંધુએ આ નિવેદન હૈદરાબાદમાં પોલીસના એક કાર્યક્રમ દરમિયાન આપ્યું હતું. સિંધુએ કહ્યું, 'જ્યારે હું બહારના દેશોમાં રમવા જાવ છું ત્યાં હું જોવું છું કે, મહિલાઓને કેટલું સમ્માન આપવામાં આવે છે. મને ખુશી છે કે બીજા દેશોમાં મહિલાઓની આટલી ઈજ્જત કરવામાં આવે છે. બીજી બાજુ ભારતમાં લોકો કહે છે કે આપણે મહિલાઓનું સમ્માન કરવું જોઇએ પરંતુ ખુબ ઓછા લોકો આવું કરે છે. તેમણે કહ્યું કે, મહિલાઓને મજબૂત થવું જોઈએ અને પોતાની જાતમાં વિશ્વાસ રાખવો જોઇએ. તેમને સામે આવવું જોઈએ અને હેરસમેન્ટ વિશે જાહેરમાં બોલવું પડશે. તેમાં શરમ આવે તેવી કોઇ વાત જ નથી. આપણને ગર્વ થવો જોઇએ કે, આપણે મજબૂત છીએ અને આગળ વધી રહ્યા છીએ. બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુ હાલમાં બીડબ્લ્યૂએફ વર્લ્ડ ટૂર ફાઇનલ જીતનારી પહેલી ભારતીય મહિલા બની ગઇ છે. તેમણે કહ્યું કે, મીટૂ અભિયાનથી લોકોની માનસિકતામાં ઘણો ફેરફાર આવ્યો છે.

## રણજી ટ્રોફી : સૌરાષ્ટ્રની ટીમે રચ્યો ઈતિહાસ, સેમીફાઇનલમાં પહોંચ્યું

ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ટેસ્ટ સિરીઝમાં ધમાકેદાર પ્રદર્શન કર્યા બાદ ચેતેશ્વર પૂજારાનું બેટ શાંત થયું નથી. ઓસ્ટ્રેલિયાથી પરત આવ્યા બાદ તે પોતાની સેવાઓ આપવા માટે સૌરાષ્ટ્રની ટીમ સાથે પહોંચી ગયો અને ટીમ માટે શાનદાર પ્રદર્શન કર્યું કે રણજી ટ્રોફીના ક્વાર્ટર ફાઇનલમાં ઈતિહાસ રચાઈ ગયો છે. લખનઉમાં ચાલી રહેલા બીજા ક્વાર્ટર ફાઈનલ મેચમાં સૌરાષ્ટ્રની ટીમે ૩૭૨ રનના લક્ષ્યને ૬ વિકેટ બાકી રાખીને હાસિલ કરી મોટો રેકોર્ડ બનાવી દીધો છે. ઉત્તર પ્રદેશની ટીમ આ મુકાબલામાં પહેલા બેટિંગ કરતા ઉતરી અને પ્રથમ ઈનિંગમાં વિશાળ ૩૮૫ રન બનાવ્યા હતા. તેના તરફથી રિંકૂ સિંહે ૧૫૦ રન ફટકાર્યા હતા. જેના જવાબમાં સૌરાષ્ટ્રની ટીમ પ્રથમ ઈનિંગમાં ૨૦૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ઉત્તર પ્રદેશને ૧૭૮ રનની લીડ મળી હતી. પરંતુ બીજા દાવમાં યૂપીની ટીમ ૧૯૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. પરંતુ હજુ પણ સૌરાષ્ટ્ર માટે આ મેચ જીતવી આસાન ન હતી કારણ કે, તેની સામે ૩૭૨ રનનો સૌથી મોટો લક્ષ્ય હતો. પરંતુ ત્યારબાદ સૌરાષ્ટ્રની ટીમે આજે એવું કારનામું કહ્યું કે, જે રણજીના ઈતિહાસમાં ક્યારેય થયું નથી. સૌરાષ્ટ્રએ ૩૭૨ રનનો લક્ષ્ય હાસિલ કરી લીધો અને ઈતિહાસ રચી દીધો છે. ચેતેશ્વર પૂજારા ૬૭ રન અને શેલ્ડન જેક્સનના અણનમ ૭૩ રનની મદદથી સૌરાષ્ટ્રએ આ જીત મેળવી હતી. આ પહેલા ઓપનર હાર્વિક દેસાઈએ સદી ફટકારીને સૌરાષ્ટ્રને શાનદાર શરૂઆત અપાવી હતી.

કાગળ અને કલમનું કસબી એટલે....

લોકાર્પણ

આપના વ્યાપાર-ધંધાના વિકાસ માટે આકર્ષક દરે જાહેરાત આપી રાજ્યભરના તમામ જિલ્લાકક્ષાએ તેમજ તમામ તાલુકા કક્ષાએ, ઉપરાંત તમામ ગ્રામ્ય કક્ષાએ છેક છેવાડાના ગામડાંઓ સુધી પહોંચતાં લોકાર્પણ અખબારમાં આપી બહોળો ફેલાવો મેળવો. મૂળભૂત પાયાના પ્રશ્નો, લોકફરિયાદો, અસામાજિક તત્વો દ્વારા થતી હેરાનગતિને વાચા આપવા લોકાર્પણ હંમેશા આપનું પોતીકું બની રહેશે. આપ આપના વિચારો, સૂચનો, મંતવ્યો નિ:સંકોચ મોકલી શકો છો. રમતગમત ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે, કલા ક્ષેત્રે, સમાજના ઉત્થાન માટે સિદ્ધિ હાંસલ કરો તો તેની વિગત તમારા પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે અમારા કાર્યાલયે મોકલી આપશો તો તેને યોગ્ય સ્થાન આપવામાં આવશે. અમારા આ પ્રયાસમાં તમારો સાથ સહકાર જરૂરી છે. આપ લેખો, કાવ્યો, કલાકૃતિઓ, વાર્તાઓ, સમાચારો કે ફોટાઓ પ્રસિદ્ધ કરાવવા ઈચ્છતા હોય તો અમારા કાર્યાલયને મોકલી આપવા.

સ્પષ્ટતા : લોકાર્પણને મોકલવામાં આવતી દરેક પ્રસિદ્ધિની વિગત કોઈની બદનક્ષી કરતી કે ઈર્ષ્યાપ્રેરિત પ્રેરાઈને ન લખેલી હોવી જોઈએ. મોકલેલી વિગતોની સત્યતા માટે કંઈક આધાર-પુરાવો સાથે બીડવો જરૂરી છે. આમ છતાં પુરાવા વિના વિગત મોકલવામાં આવશે તો તેને પ્રસિદ્ધિ આપવામાં આવશે નહીં. અમને મોકલવામાં આવતી તમામ પ્રકારની પ્રસિદ્ધિની વિગતો સાથે જે તે મોકલનારનું સરનામું સહી સાથે જરૂરી છે.

તંત્રી : ગૌરાંગ પંડ્યા

[M] 99099 69099

# સંક્ષિપ્ત સમાચાર

## પાસ કન્વીનરનો હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કરતો વીડિયો વાઇરલ

જસદણ પાસ કન્વીનર સુનિલ ખોખરીયાએ આટકોટમાં ભરબજારમાં લગ્ન પ્રસંગમાં હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. વીડિયોમાં જોટામાંથી સુનિલ ફાયરિંગ કરતો હોય તેવું દેખાય છે. આ અંગે સુનિલ ખોખરીયાનો સંપર્ક કરતા તેણે ફોન ઉપાડ્યો નહોતો. સુનિલના સંબંધીમાં કોઇના લગ્ન હોય હવામાં ફાયરિંગ કર્યું હતું. સુનિલના મિત્રવર્તુળમાંથી જાણવા મળ્યું હતું કે, સુનિલે ભૂંડ ભગાવવા માટે ઉપયોગમાં લેવાતી બાર બોરની બંદુકમાંથી ફાયરિંગ કર્યું હતું. પરંતુ વીડિયોમાં જોટા દેખાઇ રહ્યો છે. આ અંગે આટકોટ પોલીસ સ્ટેશનના પીએસઆઇ ભારતીબેન ચૌહાણનો સંપર્ક કરતા તેનો ફોન સતત વ્યસ્ત આવી રહ્યો છે.

## જામજોધપુર રબારીકા ગામે પાક નિષ્ફળ જતાં ખેડૂતે ગળેફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યું

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના રબારીકા ગામે પાક નિષ્ફળ જતા ૨૨ વર્ષીય ખેડૂત રમેશ દેવશી મકવાણાએ ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. છેલ્લા ત્રણ મહિનામાં માત્ર જામનગર જિલ્લામાં જ ખેડૂતના આપઘાતનો પાંચમો બનાવ બન્યો છે. આ વખતે ચોમાસુ નબળુ જતા પરિવારની જવાબદારી, ખેતરમાં વાવેલા પાકને લઇ રમેશ સતત ચિંતામાં રહેતો હતો. આથી તે આર્થિક સંકડામણનો સામનો કરતો હતો. અંતે ધીરજ ખૂટતા તેણે પોતાના ઘરે જ ગળેફાંસો ખાઇ લીધો હતો. હાલ મૃતકના પિતાએ પોલીસમાં નોંધ કરાવી હતી. જામજોધપુર પોલીસના ઇન્સ્પેક્ટર જી.આઇ. જેઠવાએ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પથ્થરના ઘા મારીને યુવાનની ઘાતકી હત્યા કરાતા ખળભળાટ

ગોંડલ તાલુકાના કંટોલિયા ગામે શુક્રવારે રાત્રે વણકરવાસમાં રહેતા ધીરૂભાઇ જીવાભાઇ સોલંકી (ઉ.૪૦)ને ગામના જ જીતુ નામના શખ્સે છરી અને પથ્થરના ઘા મારી હત્યા કરી હતી. ઘટનાને પગલે ડીવાયએસપી સહિત પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. મૃતક ધીરૂભાઇ છૂટક મજૂરી કરી ઘરનું ગુજરાન ચલાવતા હતા. નાના એવા કંટોલિયા ગામમાં હત્યાનો બનાવ બનતા ગામમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ઘટના અંગે ગ્રામજનોએ જણાવ્યું હતું કે જીતુ અવારનવાર ઝઘડા કરતો હોય અનેકવાર પોલીસ ચોપડે પણ ચડી ચૂક્યો છે. ગત સાંજના તે અર્ધનગ્ન હાલતમાં જ ગામમાં ફરતો હતો અને રાત્રીના ૧૧ વાગે વણકરવાસમાં પહોંચી ધીરુભાઈને ઘરમાંથી બહાર બોલાવી વિના કારણે રહેંસી નાખ્યા હતા.

## પથ્થરના ઘા મારીને યુવાનની ઘાતકી હત્યા કરાતા ખળભળાટ

ગોંડલ તાલુકાના કંટોલિયા ગામે શુક્રવારે રાત્રે વણકરવાસમાં રહેતા ધીરૂભાઇ જીવાભાઇ સોલંકી (ઉ.૪૦)ને ગામના જ જીતુ નામના શખ્સે છરી અને પથ્થરના ઘા મારી હત્યા કરી હતી. ઘટનાને પગલે ડીવાયએસપી સહિત પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. મૃતક ધીરૂભાઇ છૂટક મજૂરી કરી ઘરનું ગુજરાન ચલાવતા હતા. નાના એવા કંટોલિયા ગામમાં હત્યાનો બનાવ બનતા ગામમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ઘટના અંગે ગ્રામજનોએ જણાવ્યું હતું કે જીતુ અવારનવાર ઝઘડા કરતો હોય અનેકવાર પોલીસ ચોપડે પણ ચડી ચૂક્યો છે. ગત સાંજના તે અર્ધનગ્ન હાલતમાં જ ગામમાં ફરતો હતો અને રાત્રીના ૧૧ વાગે વણકરવાસમાં પહોંચી ધીરુભાઈને ઘરમાંથી બહાર બોલાવી વિના કારણે રહેંસી નાખ્યા હતા.

## મંદિરના વૃદ્ધ પૂજારીની લૂંટના ઇરાદે હત્યા કરાતા ખળભળાટ

ભાણવડ તાલુકાના ઘુમલી ગામે આવેલા આશાપુરા મંદિરના વૃદ્ધ પૂજારીની ઘાતકી હત્યા કરીને અજાણ્યા શખ્સો આભૂષણો અને કિંમતી સામાનની લૂંટ ચલાવી નાસી છૂટતા ખળભળાટ મચી જવા પામ્યો છે. વિગત એવી છે કે ઘુમલી ગામે આવેલા આશાપુરા મંદિરમાં વર્ષોથી હસુભાઈ નામના વડીલ વૃદ્ધ સેવા પૂજા કરે છે. તેઓ વહેલી સવારે નિત્યક્રમ પ્રમાણે મંદિરમાં પૂજા કરી રહ્યા હતા ત્યારે અંદાજિત સાત વાગ્યે રાબેતા મુજબ ઈલેક્ટ્રીક ઝાલર અને નગારા સાથે આરતી ચાલુ કરી હતી. આ દરમિયાન કોઇ જાણભેદુ નકશો શખ્સો આરતી ઉતારતા મહંત ઉપર ઘાતક હથિયારથી પ્રહાર કરીને મોતને ઘાટ ઉતારી દઈ આશાપુરા માતાજીની પ્રતિમા પરથી આભુષણો અને કિંમતી માલમતા ઉસેડી નાસી ગયા હતા. એટલું જ નહીં લુટારૂ શખ્સો પુરાવાનો નાશ કરવાના ઈરાદે સીસીટીવી કેમેરાની હાર્ડ ડિસ્ક પણ ઉઠાવતા ગયા હતા.

## ચારિત્ર પર શંકા જતા પતિએ પત્નિ સહિત બે માસુમોને કુહાડીથી રહેંશી નાખ્યા

વડોદરાના કરજણમાં પત્ની પર વહેમ રાખી પતિ હેવાન બન્યો હતો. તેણે પત્નીની હત્યા કર્યા બાદ બે બાળકો પર પણ કુહાડીથી હુમલો કર્યો હતો. જેમાં બંને બાળકો ઈજાગ્રસ્ત થયા હતા. આ હત્યાને અંજામ આપ્યા બાદ પતિએ ટ્રેન નીચે પડતું મુકી આપઘાત કર્યો હતો. જેના કારણે બંને બાળકો અનાથ થઇ ગયા હતા. હાલ આ મામલે પોલીસે ગુનો નોંધનીને વધુ તપાસ હાથ ધરી છે. કરજણ તાલુકાના મિયાગામ ખાતે પોતાની પત્ની ઉપર વહેમ રાખી પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતા પતિ બળવંત સિંહ સિંધાએ ઉશ્કેરાઈ જઇ કુહાડી વડે પત્ની ઉપર હુમલો કરતા પત્નીનું મોત થયું હતુ. જ્યારે પતિએ પત્ની સાથે ૨ બાળકો પર પણ કુહાડીથી હુમલો કરતા બાળકો ઘવાયા હતા. ત્યારે બાળકોને સારવાર અર્થે વડોદરા એસ.એસ.જી હોસ્પિટલમાં રીફર કર્યા હતા. તેમજ હત્યારો પતિ ફરાર થઇ ગયો હતો.

## છરીની અણીએ કાકાએ પરિણીતા ઉપર દુષ્કર્મ આચરતા ખળભળાટ

બનાસકાંઠાના મલુપુરમાં અપહરણ બાદ દુષ્કર્મની ફરિયાદ થઇ છે. કુટુંબી કાકા પર અપહરણ અને દુષ્કર્મનો આરોપ લગાવવામાં આવ્યો છે. તેમણે છરીની અણીએ પરીણિતાનું અપહરણ કર્યુ હોવાના આરોપ લગાવવામાં આવ્યા છે. અપહરણ બાદ એક મહિના સુધી દુષ્કર્મ આચર્યા હોવાનો આરોપ છે. યુવતીના ભાઈ અને પરીણિતાના પતિને મારી નાખવાની ધમકી આપી છે. મહિના અગાઉ કાકાએ ધમકી આપી બાઇક પર અપહરણ કર્યુ હોવાની ફરિયાદ છે. જન્મદિવસની મિઠાઇમાં તંત્ર-મંત્ર કરી પરીણિતાને વશમાં કરી હોવાના પણ આરોપ લગાવવામાં આવ્યા છે. મહિના બાદ પરીણિતાના ભાઇએ બેનને શોધી અને કાકાને પોલીસને હવાલે કર્યો હતો. મલુપુર પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાઇ છે. આ મામલે મળતી જાણકારી મુજબ, બનાસકાંઠાના મલુપુરમાં અપહરણ બાદ દુષ્કર્મની ઘટના પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી હતી.

## ૧૦ ગાયો પર કુહાડીના ઘા ઝીંકી હુમલો કરાતા ગ્રામજનોમાં રોષ

ગુજરાતમાં વારંવાર અબોલા પશુઓ પર હુમલાઓ થતા રહે છે. જેથી જીવદયાપ્રેમીઓની લાગમી દુભાય છે. પણ હવે અજાણ્યા શખ્સો અબોલા પશુઓ પર હુમલા કરી લોકોની લાગણીઓ સાથે ચેડા કરી રહ્યાં હોય તેવું લાગે છે. આ પ્રકારના અધમ કૃત્યો સામે કાયદેસરની કડક કાર્યવાહી થવી જોઇએ તેવી લોકોમાં માગ ઉઠી છે. બનાસકાંઠાના દિયોદરમાં ગાયો પર હુમલો થતા ચકચાર મચી છે. બનાસકાંઠાના દિયોદરમાં ગાયો પર કુહાડી વડે હુમલો થવાની ઘટના સામે આવી છે. દિયોદરના સેસણ ગામે અજાણ્યા શખ્સ દ્વારા ૧૦ જેટલી ગાયો પર કુહાડીના ઘા ઝીંકી હુમલો કરવામાં આવ્યો. ગાયો પર થયેલા હુમલાને પગલે ગ્રામજનોમાં રોષ ફેલાયો છે. સાથે જ મોટી સંખ્યામાં જીવદયા પ્રેમીઓએ એકઠા થઈ દિયોદર પોલીસને જાણ કરી હતી. સાથે જ કડક કાર્યવાહી કરવાની પણ માગ કરી હતી.

# આર્લેન્ક્સિયોએ ઈન્ડિયા રબર એક્સપો ૨૦૧૯માં અત્યાધુનિક પ્રોડક્ટ્સ પ્રદર્શિત કરી

(પ્રતિનિધિ) અમદાવાદ,

સિન્થેટિક ઈલાસ્ટોમર્સની અગ્રણી ઉત્પાદક આર્લેન્ક્સિયોએ ૧૭-૧૯ જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ ઈન્ડિયા રબર એક્સપો ૨૦૧૯ ખાતે તેના હાઈ પરફોર્મન્સ ઈલાસ્ટોમર્સ (એચપીઈ) વેપાર એકમ અને ટાયર એન્ડ સ્પેશિયાલ્ટી રબર્સ (ટીએસઆર) વેપાર એકમની તેની નવી પ્રોડક્ટો અને ટેકનોલોજીઓ પ્રદર્શિત કરી હતી. આર્લેન્ક્સિયો એશિયા પેસિફિકમાં મજબૂત હાજરી સાથે નવ દેશોમાં ૨૦ નિર્માણ સાઈટ્સ સાથે વૈશ્વિક પહોંચ ધરાવે છે. ઈન્ડિયા રબર એક્સપો (આઈઆરઈ) ૨૦૧૯ માં ભાગ લેવાની અમને બેહદ ખુશી છે, કારણ કે, તે ભારત અને વૈશ્વિક સ્તરના ઉદ્યોગના ખેલાડીઓને એકત્ર લાવે છે, જેઓ રબર અને તેની ઉપયોગિતામાં નવી ટેકનોલોજીઓ પ્રદર્શિત કરશે. આર્લેન્ક્સિયો ભારતીય બજાર સાથે વ્યાપક એશિયા પેસિફિક પ્રદેશમાં પણ હાઈ પરફોર્મન્સ ઈલાસ્ટોમર્સની અવ્વલ પુરવઠાકાર તરીકે તેનું સ્થાન મજબૂત બનાવવાનું ચાલુ રાખશે, એમ એચપીઈ વેપાર એકમ માટે એપીએસી સેલ્સના હેડ પ્રસાંથ બાલાચંદ્રને જણાવ્યું હતું. મુલાકાતીઓ રોજબરોજનું જીવન બહેતર બનાવે તેવી સ્પેશિયાલ્ટી ઈલાસ્ટોમર્સ પ્રોડક્ટ રેખાઓ અને તેની ઉપયોગિતાઓની આર્લેન્ક્સિયોની વ્યાપક શ્રેણી જોઈ શકશે. ફિનિશ્ડ પ્રોડક્ટ્સના નમૂનાઓ પ્રદર્શનમાં મુકાયા છે, જેમાં કોટ્સ એન્ડ એપ્રોન્સ, બ્રેક શૂ, ઓટોમોટિવ પ્રોફાઈલ, ટાઈમિંગ બેસ્ટ, પોલીવી-બેલ્ટ, ઈવીએમ કેબલ, પીવીસી કેબલ, ઓડબ્લ્યુએસ પેકર, ઓટો મેમ્બ્રેન, ઈલેક્ટ્રિકલ ઈન્સ્યુલેશન મેટ અને અન્યનો સમાવેશ થાય છે. આર્લેન્ક્સિયોનું એચપીઈ વેપાર એકમ ટેક્નિકલ રબર્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં નાઈટ્રાઈટ બુટાડિયેન રબર (એનબીઆર), હાઈડ્રોજીનેટેડ નાઈટ્રાઈલ બુટાડિન રબર (એચએનબીઆર), ઈથાયલીન વિનાઈલ એસિટેટ રબર (ઈવીએમ), ઈથાયલીન પ્રોપાયલીન ડિયેન રબર (ઈપીડીએમ) અને ક્લોરોપ્રેમ રબર (સીઆર) નો સમાવેશ થાય છે. આ મટીરિયલ્સ ઔદ્યોગિક વપરાશની વ્યાપક શ્રેણી ધરાવે છે. તે પ્લાસ્ટિક્સ અને અધેસિવ્ઝ માટે, ગેસ અને ઓઈલ એક્સપ્લોરેશન કમ્પોનન્ટ્સમાં અને વાહન તથા કેબલ ઉદ્યોગો માટે ફંકશનલ કમ્પોનન્ટ્સમાં ઉપયોગ કરી શકાય છે. આર્લેન્ક્સિયોનું ટીએસઆર વેપાર એકમ વર્સેટાઈલ સિન્થેટિક રબર પ્રોડક્ટ્સની શ્રેણી ઉત્પાદન કરે છે, જેમાં બુટાઈલ અને હેલો બુટાઈલ રબર્સ, પોલી બુટાડિયેન, રબર્સ (એનડી, લી એન્ડ કં. કેટલિસ્ટ આધારિત) અને સોલ્યુશન એન્ડ ઈમલ્શન એસબીઆરનો સમાવેશ થાય છે, જે સર્વ ટાયર એપ્લિકેશન્સ માટે વ્યાપક પોર્ટફોલિયો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે મુખ્યત્વે આધુનિક, ઈંધણ કાર્યક્ષમ ટાયર્સનાં ઈનર લાઈનર્સ, ટ્રેડ્સ અને સાઈડ વોલ્સ અને નોન-ટાયર એપ્લિકેશન્સ, જેમ કે, ચ્યુઈંગગમ, પ્લાસ્ટિક્સ સુધારણા, ફાર્માસ્ટોપર્સ, સ્પોર્ટ્સ અને ગોલ્ફ બોલ્સ, હોઝીસ, માઈનિંગ ઈનર લાઈનર્સ અને કન્વેયર બેલ્ટ્સમાં ઉપયોગ કરવામાં આવે છે. દેશનો સિન્થેટિક રબરનો ઉપભોગ વધી રહ્યો છે ત્યારે ભારતીય બજાર અમારે માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે, એમ ટીએસઆર વેપાર એકમ માટે ભારતીય ઉપખંડના હેડ રૂપેશ શાહે જણાવ્યું હતું. વ્યૂહાત્મક પ્રદેશોમાં એકમો સાથે આર્લેન્ક્સિયોની વૈશ્વિક પહોંચ અને વ્યાપક સિન્થેટિક રબર પોર્ટફોલિયો સાથે આર્લેન્ક્સિયો ભારતના ઉપખંડમાંના વીન્યપૂર્ણ ઉચ્ચ ગુણવત્તાની પ્રોડક્ટ્સ સાથે પહોંચી વળવા માટે ઉત્તમ રીતે સુસજ્જ છે.




# શિલ્પા શેટ્ટી : "અનુરાગ દાદા તે આ શો ના ખરા મસ્તીખોર માણસ છે"

(પ્રતિનિધિ) અમદાવાદ,

સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના લોકપ્રિય શો સુપર ડાન્સર ચેપ્ટર ૩ માં તેમના ટોચના ૧૨ સ્પર્ધકો બધાએ તૈયારી કરી લીધી છે અને ગ્રાન્ડ પ્રીમીયરમાં આ વિકેન્ડમાં તેમનુ શ્રેષ્ઠ શુટીગ કેટલાક પાવર પેક્ડ પર્ફોમન્સ સાથે આપવા માટે તૈયાર છે. ૩ સુપર નિર્ણાયકો, શિલ્પા શેટ્ટી, ગીતા કપૂર અને અનુરાગ બાસુ આ શો નો આજથી ૩ વર્ષોથી નિનાયક તરીકેનુ કામ કરી રહ્યા છે અને તેમની વચ્ચે સરસ બંધન છે. દર્શકો ગીતા, અનુરાગ અને શિલ્પાની વચ્ચેની જે દોસ્તી છે તે તેમને ગમે છે. તેઓમાંના ત્રણ જણ વચ્ચે એટલો સારો સંબંધ છે કે તેઓ ઘણી બધી વખત એકબીજાનો પગ ખેંચતા જોવા મળ્યા છે. તેમનો જે આનંદ છે તે માત્ર બતાવે છે કે તેઓની વચ્ચે સારી કેમેસ્ટ્રી રહેલી છે. ઘણાઓ આ વિષે જાણતા નહિ હોય પરંતુ અનુરાગ બાસુ (જેને પ્રેમથી અનુરાગ દાદા કહેવામાં આવે છે) તે આ શો ના સેટસ ઉપર પ્રેન્કસ્ટર છે અને સતતપણે કોઈક ટ્રીક કરતા રહે છે અથવા બીજુ કંઈક બીજા જે નિર્ણાયકો છે તેમની ઉપર આવું કશુંક શુટીગના બ્રેક દરમ્યાન ચાલુ હોય છે. તે શિલ્પાનો સેલફોન લે છે અને આશરે કોઈને પણ કોલ અથવા મેસેજ કરશે અથવા કોલ અને મેસેજનો જવાબ આપશે તેણીની જાણ બહાર. એક વખત દાદાએ હાલમાં જ શિલ્પાની ચ્હામાં મીઠું નાંખ્યુ હતુ. તે આઈ યુક્તિઓએ એટલી સરળતાથી કરે છે કે તે ભાગ્યેજ આવા કોઈ કામમાં પકડાઈ જાય છે. તેણે શિલ્પાના ધ્યાનને ચલિત કર્યુ હતુ અને શિલ્પાની ચ્હામાં મીઠુ ચપળતાથી ઉમેર્યુ હતુ. આ તથ્યથી અજાણ હોઈને કે દાદા આવં કશુંક કરી શકે છે, બિચારી શિલ્પાએ તે ચ્હાનો ઘૂંટડો ભર્યો. તેણીને એવુ લાગ્યુ હતુ કે બટરવાળી બ્રેડ તેણે સૌ પ્રથમ ચ્હામાં બોળી હતી તેને કારણે મીઠાવાળો સ્વાદ રહ્યો હતો. બીજી વખત દાદાએ તેને બેધ્યાન કરવા પ્રયત્ન કર્યો હતો, તેણીએ તેમને તેણીના ચ્હાના કપ સાથે કશુંક કરતા જોઈ લીધા હતા અને તેમને રંગે હાથે પકડિ લીધા હતા. શિલ્પા કહે છે કે, "દાદા તે મોટામાં મોટુ બાળક છે અને આ શો માં સૌથી મસ્તીખોર છે.




કૉર્નિંગ ઈન્ડિયા ૧૭-૨૦ જાન્યુઆરી સુધી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૯ માં ભાગ લઈ રહેલ છે, જ્યાં તે ઉદ્યોગોમાં સામગ્રી વિજ્ઞાનમાં પોતાના ઇનોવેશનનું પ્રદર્શન કરી રહી છે. કૉર્નિંગ ઈન્ડિયાના મેનેજીંગ ડિરેક્ટર અમિત બંસલે વિઝિટર્સ સાથે વાતચીત કરી અને કૉર્નિંગની પ્રોડક્ટ્સનું લાઈવ ડેમોસ્ટ્રેશન આપ્યું.

# ઝેનિટેક્સને સતત ચોથી વાર વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૧૯ એવોર્ડ્સથી સન્માનિત

(પ્રતિનિધિ) અમદાવાદ,

જાણીતા ઉદ્યોગ સાહસિક અને પર્યાવરણવીદ વિરલ દેસાઇના નેતૃત્વ હેઠળના ઝેનિટેક્સને સતત ચોથી વાર વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૧૯ એવોર્ડ્સથી સન્માનિત કરવામાં આવ્યું છે. પર્યાવરણની સુરક્ષામાં શ્રેષ્ઠ કામગીરી અને નોંધપાત્ર યોગદાન આપવા બદલ ટેક્સટાઇલ ઉદ્યોગમાં આ એવોર્ડ મેળવનાર ઝેનિટેક્સ એકમાત્ર ઓર્ગેનાઇઝેશન છે. ઝેનિટેક્સના વિરલ દેસાઇ ગ્રીન મેન ઓફ ગુજરાત તરીકે પણ ઓળખ ધરાવે છે અને મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ૧૯મી જાન્યુઆરીના રોજ તેમનું આ એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. મહત્વપૂર્ણ છે કે પર્યાવરણની સુરક્ષા અને ઉર્જા સંરક્ષણની દિશામાં નોંધપાત્ર કામગીરી કરવા બદલ વિરલ દેસાઇએ અગાઉ પણ સંખ્યાબંધ રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે એવોર્ડ્સ મેળવ્યાં છે. વર્ષ ૨૦૧૫ માં લંડનમાં હાઉસ ઓફ લોર્ડ્સ ખાતે મહાત્મા ગાંધી સન્માન એવોર્ડ મેળવવો એ આ યુવાન ઉદ્યોગ સાહસિકની અનેરી સિદ્ધિ છે. રાષ્ટ્રીય સ્તરે તેમણે ભારત સરકારના ઉર્જા મંત્રાલય તરફથી સતત ત્રણ વખત નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ મેળવ્યો છે. વર્ષ ૨૦૧૮ માં ગ્રુપ લેન્ડમાર્કે વિરલ દેસાઇને બ્રાન્ડ ન્યુ મસિડિઝ કારની ખરીદી સાથે ૨૫૦ રોપા ગિફ્ટ કરીને પર્યાવરણ સુરક્ષા માટે તેમની કામગીરીને બિરદાવી હતી. તેમની કંપની ઝેનિટેક્સે એક એસએમઇ તરીકે ગોલ્ડન ટ્રોફી મેળવી છે. સતત ત્રણ વર્ષ માટે ઝેનિટેક્સે નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ જીત્યો છે. પર્યાવરણ સુરક્ષા માટેની કામગીરી કરીને સૌથી વધુ એવોર્ડ મેળવવા કંપની તરીકે ઝેનિટેક્સ હવે લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં પણ સ્થાન ધરાવે છે. હાર્ટ્સએટવર્ક ફાઉન્ડેશન સાથે મળીને વિરલ દેસાઇએ વૃક્ષારોપણ અભિયન પણ શરૂ કર્યું હતું, જે અંતર્ગત ૨૧,૦૦૦ રોપાનું વાવેતર કરાયું હતુ સાથેજ ૩૮૦૦ ટ્રી ગાર્ડ આપવામાં આવ્યાં હતાં. તેઓ સાથે મળીને આરોગ્ય, પર્યાવરણ, કૌશલ્ય વિકાસ અને મહિલા સશક્તિકરણ માટે સક્રિયપણે કામ કરી રહ્યાં છે. સસ્ટેનિબિલીટી માટે વિયેતનામ તરફથી માનદ્ ડોક્ટરેટની પદવી ધરાવતા વિરલની કામગીરી અને પહેલને ઉદય માહુરકર દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર લખાયેલા પુસ્તક માર્ચિંગ વીથ અ બિલિયનમાં પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સુરતમાં ૧૦૦થી વધુ બિલ્ડિંગ્સમાં વિશ્વના સૌથી મોટા પિંક રિબન-બ્રેસ્ટ કેન્સર અવેરનેસ કેમ્પ આયોજિત કરવા બદલ પણ તેમણે વિશિષ્ટ ઓળખ હાંસલ કરી છે. સુરત અને સમગ્ર વિશ્વમાં જરૂરિયાતમંદ વ્યક્તિઓને સહયોગ કરવામાં પણ વિરલ હંમેશાથી અગ્રેસર રહ્યાં છે. આહવા ડાંગના આદિજાતિ વિસ્તારમાં વિરલ દેસાઇએ ૫૦૦૦ સાડીનું વિતરણ તેમજ ૪૦,૦૦૦ થી વધુ મહિલાઓનું સ્ક્રિનિંગ કરીને બ્રેસ્ટ કેન્સર અંગે જાગૃતિ ફેલાવી છે. એક ઉદ્યોગ સાહસિક તરીકે વિરલ દેસાઇ ક્લિન ઇન્ડિયા ગ્રીન ઇન્ડિયા અને પર્યાવરણની રક્ષા માટે તેમની ૩૬૦ ડિગ્રી સસ્ટેનિબિલીટી કાર્યપદ્ધતિ માટે જાણીતા છે. ઝેનિટેક્સની ફેબ્રિક બ્રાન્ડ દ્વારા દેસાઇ વિશ્વ સ્તરીય સસ્ટેનિબિલીટી કલર્સ તેમજ વિન્ડમીલની મદદ સાથે ફેબ્રિક્સનું ઉત્પાદન કરે છે. તેઓ પોતાની બ્રાન્ડ દ્વારા સસ્ટેનેબલ ફેશનને પ્રોત્સાહન આપે છે. તેમજ ગ્રીન એનવાયર્નમેન્ટ માટે હંમેશા પ્રયત્નશીલ છે.




# લેડિઝ સ્પેશીયલના સેટ ઉપર કભી સૌતન કભી સહેલીની ક્ષણ



(પ્રતિનિધિ) અમદાવાદ,

એવું સામાન્યપણે નોંધવામાં આવ્યું છે કે કલાકારો પાસે પડદા ઉપર અને પડદા પાછળ જુદા જુદા બંધન હોય છે. સોની એન્ટરટેઈનમેન્ટના લેડિઝ સ્પેશીયલ ઉપર ત્રણ સ્ત્રીઓ મુખ્ય છે કે જેઓ પડદા પાછળ પણ ખૂબ સારો સંબંધ ધરાવે છે. આ ત્રણ સ્ત્રીઓ ઉપરાંત બિજલ જોષી અને જીઆ મુસ્તુફા બિન્દુ અને કંગનાની ભૂમિકા અનુક્રમે ભજવે છે કે જેઓ પડદા ઉપર એકબીજાના પ્રતિદ્વંન્ધિ તરીકે જોવા મળે છે પરંતુ તેમનુ સોશીયલ મીડિયા જુદિ જ વાર્તા જણાવે છે! સોની એન્ટરટેઈનમેન્ટના સૌથી લોકપ્રિય શો લેડિઝ સ્પેશિયલમાં, કંગના (જીઆ મુસ્તુફા) તે બિંદુ (બિજલ જોષી) ના પતિ અમર (ઓજસ રાવલ) સાથે પ્રેમમાં છે અને પ્રયતન કરે છે કે આ બંન્ને એકબીજાની નજીખ આવે નહિ. પરંતુ બિજલ અને જીઆ વાસ્તવિક જીવનમાં એકબીજા સાથે ઘણી જ મઝા કરે છે. તેઓ મજાક કરતા અને એકબીજાની ઉડાવતા જોવા મળ્યા છે. તે ઉપરાંત, તેમનુ સોશીયલ મીડિયા તેમની એકબીજા સાથેની પડદા પાછળની મઝાથી ભરેલું છે. બિજલને પૂછતા તેણે કહ્યુ, "હું અહિંયા આવી ત્યારે કોઈને જ ઓળખતી ન હોતી અને મને જીઆમાં ખૂબ જ સારી મિત્ર મળી, આશ્ર્ચર્ય સાથે જોઇએ તો તેને માટે મને ઘણો સમય લાગ્યો ન હોતો. તે જીઆ હતી કે જેની સાથે મારે પડદા ઉપર ઘણો જ સમય વિતાવવાનો હતો કારણકે તે મારા ઓજસ સાથેના સંબંધની વિરુધ્ધ છે કારણકે તેણીતેને ચાહે છે. અને અમારે એકબીજાની ભૂમિકા સમજવાની હતી કે જેથી અમે અમારા પાત્રમાં બંધ બેસી શકિએ અને શુટીંગ દરમ્યાન અમારું શ્રેષ્ઠ આપી શકિએ. તેથી આ અદભુત મિત્રતાએ ઘણી બધી વાતચીતને જન્મ આપ્યો હતો. અમે જેટલુ વધુ પડદા ઉપર લડિએ છીએ તેટલુ વધુ પડદા પાછળ મસ્તી કરીએ છીએ." આ જ પ્રશ્ર્ન જિઆને પૂછવામાં આવ્યો ત્યારે તેણે કહ્યુ, "બિજલ સાથે કામ કરવું તે એક મઝા છે. આ બધું જ પડદા ઉપરના ડ્રામા સાથે શરૂ થયુ છે. પડદા ઉપરનો સંબંધ એટલો બધો કડવો છે કે શુટીંગ થયા પછી અમે તેના ઉપર ઘણું જ હસીએ છિએ. અને તરતજ અમે એકબીજાને સારી રીતે જાણવાની શરૂઆત કરીએ છીએ. અમારી વચ્ચે ઘણી બધી સમાનતાઓ છે. અમને ટેલિવિઝન ઉપર જોયા બાદ આ અમારી મિત્રતાના સત્ય વિષે કોઈ પણ વ્યક્તિ વિશ્ર્વાસ કરશે નહિ." દર સોમવારથી શુક્રવાર રાત્રે ૯:૩૦ કલાકે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન ઉપર લેડિઝ સ્પેશીયલ !

# જીએસઆરટીસી અને ઓલેક્ટ્રા-બીવાયડીએ રાજ્યમાં ઈલેક્ટ્રિક પરીવહનને પ્રોત્સાહન આપવા જોડાણ કર્યું

(પ્રતિનિધિ) અમદાવાદ,

ઈલેક્ટ્રિક પરિવહનની ગાઢ સમજ અને ભારતમાં ઈલેક્ટ્રિક બસો ૫ લાખ કિ.મી.થી વધુ ચલાવવાના વ્યાવસાયિક અનુભવ સાથે ઓલેક્ટ્રા ગ્રીનટેક લિમિટેડ (બીએસઈ/એનએસઈ - ઓલેક્ટ્રા) એ ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (જીએસઆરટીસી) સાથે સમજૂતી કરાર કર્યા છે. આ એમઓયુ હેઠળ જીએસઆરટીસી રાજ્યમાં સફળતાપૂર્વક ઈલેક્ટ્રિક બસો ચલાવવામાં ઓલેક્ટ્રા-બીવાયડીના જ્ઞાનનો લાભ લેશે. આમ, બંને પક્ષો સિટી બસ અને ઈન્ટર સિટી બસ દોડાવવાની તકોની ચકાસણી કરશે. ઓલેક્ટ્રા-બીવાયડી મેઈન્ટેનન્સ અને સલામતી પદ્ધતિ સાથે ઈલેક્ટ્રિક બસ ટેક્નોલોજી અંગે જીએસઆરટીસીની ટેકનિકલ ટીમને માહિતી આપશે. જીએસઆરટીસીના ઈડીપી મેનેજર વી. એચ. શર્મા અને ઓલેક્ટ્રા ગ્રીનટેક લિમિટેડના એવીપી (સેલ્સ) રાજેશ શર્માએ જીએસઆરટીસીના વાઈસ-ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતિ સોનલ મિશ્રાની હાજરીમાં ઈલેક્ટ્રિક બસોના મેઈન્ટેનન્સ માટે જીએસઆરટીસીના અધિકારીઓને તાલિમ આપવા વ્યૂહાત્મક ભાગીદારી માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરી તેનું આદાન-પ્રદાન કર્યુ હતું. આ એમઓયુ ઓલ્ક્ટ્રા-બીવાયડીના વર્તમાન અનુભવનો લાભ લઈને સ્થાનિક નાગરિકો માટે પ્રદૂષણ મુક્ત જાહેર પરિવહન વ્યવસ્થાના અમલ માટે જીએસઆરટીસીના વિઝનને અનુરૂપ છે. હાલમાં ઓલેક્ટ્રા-બીવાયડી દેશમાં ઈલેક્ટ્રિક બસોના વ્યાવસાયિક સંચાલનના ઉદ્યોગમાં એકમાત્ર કંપની છે. ઓલેક્ટ્રા ગ્રીનટેક લિમિટેડના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર એન. નાગસત્યમે જણાવ્યું હતું કે, 'છેલ્લા ૨ વર્ષમાં, ઓલેક્ટ્રા-બીવાયડીએ સમગ્ર દેશમાં વિવિધ વિસ્તારોમાં તેની ઈલેક્ટ્રિક બસોના સફળતાપૂર્વક સંચાલન દ્વારા દેશમાં ઈલેક્ટ્રિક પરીવહન બજારમાં અનેક સૌપ્રથમ પહેલ હાથ ધરવાની સિદ્ધિ હાંસલ કરી છે. અમને ખાતરી છે કે અમારા પ્રવાસ દરમિયાન અમે જે સમૃદ્ધ અનુભવ મેળવ્યો છે તેના પગલે અમે ગુજરાતમાં મજબૂત ઈલેક્ટ્રિક જાહેર પરિવહન વ્યવસ્થાના અમલમાં જીએસઆરટીસીને મદદરૂપ થવા સક્ષમ બનીશું.' ઓલેક્ટ્રા-બીવાયડી હાલમાં હિમાચલ રોડવેસ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (૨૫ બસ), બૃહદ મુંબઈ ઈલેક્ટ્રિસિટી સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ અન્ડરટેકિંગ્સ (૬ બસો) તથા કેરળ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (૧૦ બસો) માટે તેની ૯ મીટર લાંબી ઈબસ કે૭ ઈલેક્ટ્રિક બસો ચલાવે છે. વધારામાં કંપનીએ તેલંગાણા રાજ્ય માર્ગ પરીવહન કોર્પોરેશનને પણ ૪૦ બસો પૂરી પાડી છે.






લિજેન્ડરી પ્રકાશ પાદુકોણ અને ભારતીય ચીફ નેશનલ કોચ પી કે ગોપીચંદ ટીમોને પ્રોત્સાહિત કરવા હાજર રહ્યા હતા.

# બેકારી : મંત્રાલયમાં ૧૩ વેઈટર્સની જગ્યા માટે આવી ૭000 અરજીઓ

## આ જગ્યાઓ ચોથા ધોરણ પાસ માટેની છે, જ્યારે અરજીઓ કરનારાઓમાં મોટાભાગના ગ્રેજ્યુએટ હતા

(એજન્સી) નવીદિલ્હી

દેશમાં નોકરીઓની સ્થિતિ ઘણી જ ખરાબ છે. એ વાત તાજેતરમાં ત્યારે સામે આવી, જ્યારે મહારાષ્ટ્રના મંત્રાલય (રાજ્ય સચિવાલય)માં ૧૩ કેન્ટીન વેઈટર્સ માટે અરજીઓ મંગાવાઈ હતી અને તેના માટે લગભગ ૭,૦૦૦ અરજીઓ આવી ગઈ.મહત્વની વાત એ છે કે, આ જગ્યાઓ ચોથા ધોરણ પાસ માટેની છે, જ્યારે અરજીઓ કરનારાઓમાં મોટાભાગના ગ્રેજ્યુએટ છે. એક રિપોર્ટમાં કહેવાયું છે કે, આ પદો માટે ૧૦૦ માર્કસની લેખિત પરીક્ષા લેવાઈ હતી. અરજી કરવા માટે શૈક્ષણિક યોગ્યતા ચોથુ ધોરણ પાસ છે.અધિકારી મુજબ, 'પરીક્ષાની ઔપચારિકતાઓ ૩૧ ડિસેમ્બરે પૂરી થઈ. હાલ જોઈનિંગ પ્રક્રિયા ચાલુ છે. પસંદ કરાયેલા ૧૩ ઉમેદવારોમાં આઠ પુરુષો છે, જ્યારે બાકીની મહિલાઓ છે. તેમાંથી બે-ત્રણ લોકોએ દસ્તાવેજ જમા નથી કરાવ્યા. પરિણામે તેમણે સત્તાવાર રીતે કામ કરવાનું શરૂ નથી કર્યું.' અધિકારીના જણાવ્યા મુજબ, 'પસંદ કરાયેલા લોકોમાં ૧૨ ગ્રેજ્યુએટ છે, જ્યારે એક ૧૨મું ધોરણ પાસ છે. આ ૧૩ પદો માટે મોટાભાગના ગ્રેજ્યુએટ લોકોએ અરજી કરી હતી. તો, બાકી ૧૨મું ધોરણ પાસ હતા. પસંદ કરાયેલા ઉમેદવારો ૨૫થી ૨૭ની વચ્ચેના છે.દેશમાં નોકરીઓની આ સ્થિતિ એવા સમયે સામે આવી છે, જ્યારે તેના પર રાજકારણ પણ શરૂ થઈ ગયું છે. ગ્રેજ્યુએટને મંત્રાલય કેન્ટીનમાં વેઈટર તરીકે રાખવા પર વિધાનસભામાં વિપક્ષના નેતા ધનંજય મુંડેએ રાજ્ય સરકારની ટીકા કરી. તેમણે કહ્યું કે, 'પ્રધાનો અને સચિવોએ શિક્ષિત લોકોની સેવા લેવા પર શરમ આવવી જોઈએ.' તેમણે કહ્યું કે, 'માત્ર ૧૩ પદો માટે ૭,૦૦૦ અરજી દેશ અને મહારાષ્ટ્રમાં રોજગારીની સ્થિતિનું સ્પષ્ટ ઉદાહરણ છે. આ ઘણું જ દુર્ભાગ્યપૂર્ણ છે કે ગ્રેજ્યુએટ આ પદો માટે પસંદ કરાયા, જ્યારે યોગ્યતા ચાથુ ધોરણ પાસ હતી.' મુંડે દાવો કર્યો કે, સરકાર તેના પર શરમ કરવાને બદલે તેને રાજ્યની પ્રગતિ તરીકે જોશે.

# ભાજપે મહાગઠબંધનને નાટક ગણાવ્યું

## મમતાએ બ્રિગેડ પરેડ મેદાનમાં આયોજીત રેલીમાં અન્ય વિપક્ષી પાર્ટીની સાથે મળી કામ કરવાનું પણ વચન આપ્યું

(એજન્સી) કોલકાતા

દેશની રાજનીતિની શરતોથી શનિવારના દિવસ ઘણો ગરમાગરમીવાળો રહ્યો હતો. કોલકાતામાં મહાગઠબંધનની એક મોટી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં વિપક્ષના દરેક મોટા નેતાઓ સામેલ થયા હતા. દરેકે પીએમ મોદી પર નિશાન સાધ્યું હતું. તૃણમૂલ કોંગ્રેસ પ્રમુખ તેમજ પશ્ચિમ બંગાળની મુખ્યમંત્રી મમતા બેનર્જીએ 'દિલ્હીમાં સરકાર બદલી દો'ની અપીલ કરતા કહ્યું કે મોદી સરકારની 'અક્સપાયરી ડેટ' પૂરી થઈ ગઈ છે. તેમણે એ પણ કહ્યું કે એકજૂટ વિપક્ષ આગામી સામાન્ય ચૂંટણીમાં જીત હાંસલ કરશે. ભાજપના વરિષ્ઠ નેતા શહનવાઝ હુસેને 'મહાગઠબંધન' પર પ્રહાર કરતા કહ્યું કે ભાજપનું નેતૃત્વ 'લિડર (નેતા)' કરી રહ્યાં છે જ્યારે મહાગઠબંધનનું નેતૃત્વ 'ડીલર' (સોદા કરનાર કારોબારી) કરી રહ્યાં છે.મમતાએ બ્રિગેડ પરેડ મેદાનમાં આયોજીત રેલીમાં અન્ય વિપક્ષી પાર્ટીની સાથે મળી કામ કરવાનું પણ વચન આપ્યું. તેમણે કહ્યું, 'પ્રધાનમંત્રી કોણ હશે, તે અમે ચૂંટણી પછી નક્કી કરશું.' મમતાએ દાવો કર્યો છે કે કેન્દ્રમાં ભાજપના થોડા દિવસો બચ્યા છે. તેમણે કહ્યું કે, મોદી સરકારની 'એક્સપાયરી ડેટ' ખત્મ થઈ ગઈ છે. મુખ્યમંત્રીએ આ વાતનો ઉલ્લેખ કર્યો કે દેશના હાલાત 'સુપર ઈમર્જન્સી'ના છે અને તેમણે નારો આપ્યો કે, 'બદલી દો, બદલી દો, દિલ્હીમાં સરકાર બદલી દો.' તેમણે ભાજપની ટીકા કરતા કહ્યું કે, રાજનીતિમાં શિષ્ટતા હોય છે, પરંતુ ભાજપ તેનું પાલન કરતી નથી. જે લોકો ભાજપની સાથે નથી, તેમને ચોર ગણાવવામાં આવે છે.મમતાએ દાવો પણ કર્યો છે કે ભાજપ તેમના વરિષ્ઠ નેતાઓનું સન્માન કરતી નથી અને રાજનાથ સિંહ, સુષ્મા સ્વરાજ તથા નિતિન ગડકરી જેવા લોકોની ભગવા પાર્ટીએ અવગણના કરી છે. તેમણે કહ્યું કે, મોદી અને તેમના સહયોગી હવે સામૂહિક નેતૃત્વની વાત કરી રહ્યાં છે પરંતુ જો ભાજપ (આગામી) લોકસભા ચૂંટણી જીતે છે તો આ નેતાઓની ફરીથી અવગણના કરવામાં આવશે.શાહનવાઝ હુસેને કહ્યું કે વિપક્ષી ગઠબંધન એવા નેતાઓથી બન્યું છે જેમાં દરેક પોતાને પ્રધાનમંત્રી બનાવવા ઈચ્છે છે. તેમણે એક પત્રકાર પરિસદને સંબોધતા કહ્યું હતું કે, મહાગઢબંધન સંપૂર્ણ પણે નાટક છે. તેઓ ભાજપને હરાવી શકતા નથી, કેમકે તેમાં સામેલ દરેક નેતા પોતાને પ્રધાનમંત્રી બનાવવા ઈચ્છે છે. આ તો એકતાનો દેખાવ છે.કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે કોંગ્રેસની પાસે લોકસભામાં અમેઠીથી (રાહુલ ગાંધીની બેઠક) અને રાયબરેલી (સોનિયા ગાંધીની બેઠક) વગર બસપા અને સપાની મદદ માટે થયેલી ચૂંટણી લડવાનો મુદ્દો હોવો જોઇએ. ઉત્તર પ્રદેશમાં સપા અને બસપા સાથે મળીને લોકસભા ચૂંટણી લડી રહ્યાં છે, જ્યારે કોંગ્રેસ આ ગઠબંધનનો ભાગ નથી.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રશંસા કરતા હુસેને કહ્યું કે, પ્રધાનમંત્રી દુનિયાભરમાં સૌથી વધુ લોકપ્રિય નેતા છે અને દુરદર્શી છે. ભાજપની પાસે સર્વશ્રેષ્ઠ નેતા છે. આપણા વિપક્ષ પાસે લીડર નથી, તેમની પાસે માત્ર ડીલર છે. તેમણે કહ્યું કે રાજગ એક વખત ફરી પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં સત્તામાં આવશે.

# મોદી સરકારના કાર્યકાળમાં દેશના દેવામાં ૪૯ ટકાનો વધારો થયો

(એજન્સી) નવીદિલ્હી

આગામી લોકસભા ચૂંટણીને લઈને કેન્દ્રમાં સત્તારુઢ મોદી સરકાર ઘણા પ્રકારની યોજનાઓ પર વિચાર કરી રહી છે. બીજી બાજુ દેશની રાજકોષીય ખોટ પણ વધી રહી છે. ત્યારે આ તમામની વચ્ચે એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે જે અનુસાર મોદી સરકારના કાર્યકાળમાં દેશના દેવામાં ૪૯ ટકાનો વધારો થયો છે. કેન્દ્ર સરકારના દેવા પર સ્ટેટસ રિપોર્ટનું આંઠમું સંસ્કરણ જાહેર થયું જે અનુસાર કેન્દ્રની મોદી સરકારના કાર્યકાળ દરમિયાન સરકાર પર દેવું ૪૯ ટકા વધીને ૮૨ લાખ કરોડ રુપિયા પર પહોંચી ગયું. સરકારના દેણા પર નાણામંત્રાલયના આંકડાઓ અનુસાર જૂન ૨૦૧૪માં સરકાર પર કુલ દેવાનો આંકડો ૫૪,૯૦,૭૬૩ કરોડ રુપિયા હતો જે સપ્ટેમ્બર ૨૦૧૮માં વધીને ૮૨,૦૩,૨૫૩ કરોડ રુપિયા પર પહોંચી ગયો.દેવામાં વધારો થવાનું કારણ પબ્લિક ડેટમાં ૫૧.૭ ટકાની વૃદ્ધિ છે જે ગત સાડા ચાર વર્ષોમાં ૪૮ લાખ કરોડ રુપિયાથી વધીને ૭૩ લાખ કરોડ પર પહોંચી ગયું. પબ્લિક ડેટમાં આ વધારો ઈન્ટરનલ ડેટમાં ૫૪ ટકાના વધારા સાથે થયો છે જે રકમ લગભગ ૬૮ લાખ કરોડ પર પહોંચી ગઈ છે. નાણામંત્રાલયે જણાવ્યું કે કેન્દ્ર સરકારે દેવા પર સ્ટેટસ પેપરમાં ભારત સરકારના સમસ્ત દેવા વિશે વિગતવાર માહિતી આપી. સરકાર ૨૦૧૦-૧૧ થી જ સરકારના દેવા પર સ્ટેટસ પેપર લાવી રહી છે. પેપરમાં કહેવામાં આવ્યું કે કેન્દ્ર સરકારની સમસ્ત દેણદારી મધ્યમ અવધીમાં ઘટાડા તરફ અગ્રેસર છે. સરકાર પોતાની રાજકોષીય ખોટને પહોંચી વળવા માટે માર્કેટ-લિંક્ડ બોરોઈંગ્સનો સહારો લઈ રહી છે. પારંપરિક સૂચકાંકો અનુસાર સરકારનો ડેટ પ્રોફાઈલ ડેટ સસ્ટેનેબિલિટી પેરામીટર્સના આધાર પર યોગ્ય છે અને સતત સુધારા થઈ રહ્યા છે.દેશના દેવામાં સતત વધારો થઈ રહ્યો છે. પ્રથમ આંઠ મહિનામાં નવેમ્બર સુધઈ રાજકોષીય ખોટ ૭.૧૭ લાખ કરોડ રુપિયા અથવા આખા વર્ષના ૬.૨૪ લાખ કરોડ રુપિયાના લક્ષ્યના ૧૧૪.૮ ટકા રહ્યા છે.

# રિતેશ બત્રાની "ફોટોગ્રાફ" ૮ માર્ચે થશે રિલીઝ




(એજન્સી) નવીદિલ્હી

નવાઝુદ્દીન સિદ્દીકીની અપકમિંગ ફિલ્મ ફોટોગ્રાફ ૮ માર્ચે રિલીઝ થવા જઈ રહી છે. રિતેશ બત્રાએ ડિરેક્ટ કરેલી આ ફિલ્મમાં નવાઝુદ્દીન સિદ્દીકીની સામે લીડ રોલમાં સાન્યા મલ્હોત્રા છે.ફોટોગ્રાફએવોર્ડ વિનર ડિરેક્ટર રિતેશ બત્રા ફિલ્મને કમર્શિયલ રિલીઝ પહેલાં ફિલ્મ ફેસ્ટિવલમાં રિલીઝ કરી રહ્યાં છે. આ ફિલ્મનો વર્લ્ડ પ્રિમીયર સનડાન્સ ફિલ્મ ફેસ્ટિવલ અને બર્લિન ફિલ્મ ફેસ્ટિવલમાં થશે. સનડાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ૨૩ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરી સુધી યોજાવા જઈ રહ્યો છે. તો બર્લિન ફિલ્મ ફેસ્ટિવલ ૭થી ૧૭ ફેબ્રુઆરી સુધી છે, જેમાં ફિલ્મનો પ્રીમિયર યોજાશે. ખૂબ ચર્ચાયેલી ફિલ્મ 'લંચ બૉક્સ' પછી, રિતેશ બત્રા મુંબઈમાં ધારાવીમાં બનેલી ફિલ્મ 'ફોટોગ્રાફ' રજૂ કરવા માટે તૈયાર છે. દિગ્દર્શક રિતેશ બત્રા આ ફિલ્મ દ્વારા પ્રતિભાશાળી નવાઝુદ્દીન સિદ્દીકી સાથે બીજી વાર કામ કરી રહ્યા છે. જ્યારે સાન્યા મલ્હોત્રા સાથે તેમની આ પહેલી ફિલ્મ છે. સાન્યા મલ્હોત્રા જે તાજેતરમાં જ રિલીઝ થયેલી ફિલ્મ 'બધાઈ હો'ની સફળતાનો આનંદ માણી રહી છે.

# કુંભમેળામાં બુરખાધારી યુવતીઓ સાધુઓની કરી રહી છે સેવા

## કુંભમેળા દરમ્યાન એએમયૂ મેડિકલ કોલેજના તબીબોની આ ટીમની કામગીરીના અખાડાના સાધુઓએ ખૂબ વખાણ કર્યાં

(એજન્સી) પ્રયાગરાજ

કુંભમેળામાં લાગેલા મેડિકલ કેમ્પમાં આ બુરખાધારી ડૉકટર એએમયૂના જવાહરલાલ નહેરૂ મેડિકલ કોલેજની આ વિદ્યાર્થીનીઓ છે. વિદ્યાર્થીનીઓ કુંભમાં બિમાર સાધુઓની ચેકઅપ કરી રહી છે. કુંભ મેળા દરમ્યાન આ પ્રકારના નજારો જોઈને દેશના સાંપ્રદાયિક સૌહાર્દની ખૂબ ચર્ચાઓ થઇ રહી છે.મેડિકલ કોલેજમાંથી કુંભમેળામાં આવનારા તબીબોની યાદી લાંબી છે. બધા તબીબો પોતાના સાધુઓની જરૂરિયાત અને પોતાના હિસાબથી તેમની સારવાર કરી રહ્યાં છે. તેમને ફ્રીમાં દવાઓ આપી રહ્યાં છે. સ્થિતિ ગંભીર થવાથી સાધુઓને હોસ્પિટલમાં પણ દાખલ કરાઇ રહ્યાં છે.કુંભમેળા દરમ્યાન એએમયૂ મેડિકલ કોલેજના તબીબોની આ ટીમની કામગીરીના અખાડાના સાધુઓએ ખૂબ વખાણ કર્યાં. એક કાર્યક્રમ દરમ્યાન તબીબોએ ડૉક્ટરોની ટીમને સન્માનિત પણ કરી હતી. બધા તબીબોને ભગવાનની તસ્વીર ભેટમાં આપીને તબીબોને તેમની સેવાઓ માટે શુભેચ્છાઓ આપી.એએમયૂ મેડિકલ કૉલેજના તબીબોની આ ટીમને કોલેજના મેડિસિન વિભાગના ડીન ડૉક્ટર એસસી શર્માએ લીલીઝંડી ફરકાવીને કુંભમેળો પ્રયાગરાજ માટે રવાના કરી હતી. ટીમમાં શાહીન, આયશા, તાહિરા સહિત બીજી અન્ય મહિલા ડૉક્ટર હતી. એએમયૂની જવાહરલાલ નહેરૂ મેડિકલ કોલેજ અલીગઢમાં છે. આ કોલેજમાંથી ગયેલી તબીબોની ટીમ કુંભમેળામાં સાધુ બાબાઓની સારવાર કરી રહી છે. આ કોલેજના અન્ય તબીબો સોચ નામની સંસ્થા હેઠળ દેશભરમાં જરૂરીયાતના સમયે ફ્રી મેડિકલ કેમ્પ કરે છે.જવાહરલાલ નહેરૂ મેડિકલ કોલેજની ડૉક્ટરોની ટીમ જ્યાં કુંભમેળા દરમ્યાન પોતાની સેવાઓ આપી રહી છે. તો તેના આત્મવિશ્વાસને જોઈને કુંભનુ વહીવટીતંત્ર પણ તેમની સંપૂર્ણ મદદ કરી રહ્યું છે. સાથે જ તેમની આ પહેલના વખાણ થઈ રહ્યાં છે.એએમયૂના પીઆરઓ ઉમર પીરજાદાએ જણાવ્યું કે આ પહેલી વખત નથી કે જ્યારે જવાહરલાલ નહેરૂ મેડિકલ કોલેજના તબીબોની ટીમ મેડિકલ કોલેજમાંથી બહાર નિકળીને લોકોની સારસંભાળ રાખી રહી છે. દેશમાં કુદરતી આપત્તિ સમયે પણ તબીબોની ટીમ પોતાની સેવાઓ આપે છે.જાણકારોનુ માનીએ તો અત્યારે કુંભ મેળામાં બીજા ઘણા પર્વ દરમ્યાન અલગ-અલગ અખાડા સ્નાન કવા માટે કુંભમાં એકત્રિત થશે. આવા જ અવસરે એએમયૂની જવાહરલાલ નહેરૂ મેડિકલ કૉલેજના તબીબોની ટીમ મેડિકલ કેમ્પમાં સામેલ થઈને સાધુઓ અને કુંભમાં આવતા અન્ય લોકોની સેવા કરશે.

# ભૈયુજી મહારાજને બ્લેકમેલ કરનારી પલક અને બે સાગરીતોની ધરપકડ

## પલકે પ્રેમસંબંધ બાંધીને લાખો રૂપિયા પડાવ્યા હતા પલકે ભૈયુજી મહારાજનો અશ્લીલ વીડિયો તૈયાર કર્યો હતો

(એજન્સી) ઇન્દોર

હાઇ પ્રોફાઇલ આધ્યાત્મિક ગુરુ ભૈયુજી મહારાજના મૃત્યુના સાત માસ જૂના કેસમાં હવે એક નવો વળાંક આવ્યો છે. આ કેસમાં પોલીસે મુખ્ય સેવાદાર વિનાયક દુધાલે, શરદ દેશમુખ અને ૨૫ વર્ષીય પલક પુરાણિક નામની યુવતીની આઈપીસીની કલમ-૩૦૬, ૩૮૪ અને ૩૪ હેઠળ ધરપકડ કરી છે. ભૈયુજી મહારાજ આત્મહત્યા કેસમાં આ પ્રથમ ધરપકડ છે. અહેવાલો અનુસાર પલકે પ્રેમસંબંધ બાંધીને લાખો રૂપિયા પડાવ્યા હતા. પલકે ભૈયુજી મહારાજનો અશ્લીલ વીડિયો તૈયાર કર્યો હતો, જ્યારે વિનાયક તેમને નશીલી દવાઓ ખવડાવતો હતો. પોલીસના જણાવ્યા અનુસાર ભૈયુજી મહારાજે ગયા વર્ષે પોતાના નિવાસસ્થાને આત્મહત્યા કરી હતી.ભૈયુજી મહારાજની બીજી પત્ની આયુષીએ એવો આક્ષેપ કર્યો હતો કે તેના પતિને પલક પુરાણિક, સેવાદાર વિનાયક દુધાલે અને શરદ દેશમુખ બ્લેકમેલ કરી રહ્યા હતા. મહારાજે તેમના ત્રાસથી આત્મહત્યા કરી લીધી હતી. ભૈયુજી મહારાજની પ્રથમ પત્ની માધવીના અવસાન બાદ પલકે તેમના જીવનમાં કેરટેકર તરીકે એન્ટ્રી કરી હતી. પલકે ભૈયુજી મહારાજ સાથે પ્રેમસંબંધ બાંધ્યો હતો અને તેમના બેડરૂમમાં જ રહેતી હતી. પલકે ભૈયુજી મહારાજનો અશ્લીલ વીડિયો પણ તૈયાર કર્યો હતો. આ દરમિયાન ભૈયુજી મહારાજે આયુષી સાથે ૧૭ એપ્રિલ, ૨૦૧૭ના રોજ બીજાં લગ્ન કરી લીધાં હતાં.પલકને તેની જાણ થતાં તેણે ભૈયુજી મહારાજને બ્લેકમેલ કરવાનું શરૂ કરી દીધું હતું. આ દરમિયાન પલકે ભૈયુજી મહારાજ પાસેથી રૂ.૨૫ લાખ પડાવ્યા હતા. બ્લેકમેલિંગનું ષડ્યંત્ર રચનાર સેવાદાર વિનાયક અને શરદ બંને પલકને ઉશ્કેરતા હતા અને ભૈયુજી મહારાજને બળાત્કારનો કેસ કરવાની ધમકી આપતા હતા. વિનાયક પણ આ રીતે પૈસા પડાવતો હતો. ભૈયુજી મહારાજને અનેક બીમારીઓ હતો અને વિનાયક અને પલક તેમને નશીલી દવાઓ ખવડાવતાં હતાં. ભૈયુજી મહારાજે પોતાની આત્મહત્યા નોંધમાં પોતાના નાણાકીય વારસદાર, સંપત્તિ, બેંક ખાતાં અને સંબંધિત કેસમાં સહી કરવાનો હક શરદ દુધાલેને સોંપવાનો ઉલ્લેખ કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર ભૈયુજી મહારાજે ૧૨ જૂનના રોજ પોતાની લાઈસન્સવાળી રિવોલ્વરથી ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી. પોલીસને ભૈયુજી મહારાજના ઘરેથી નાનકડી ડાયરીના પાના પર લખેલી સ્યુસાઇડ નોટ મળી હતી.

# વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૯ : ગુજરાતે-ભારતને મોહનદાસ ગાંધી આપ્યા, આફ્રિકાએ 'મહાત્મા' પાછા આપ્યા : સુષ્મા સ્વરાજ

(પ્રતિનિધિ) ગાંધીનગર

આજે ભારતના વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં 'આફ્રિકા ડે'ની ઉજવણીનો શુભારંભ કરાવ્યો હતો. આફ્રિકા ખંડના ૫૪ રાષ્ટ્રો પૈકી ૫૦ રાષ્ટ્રોના પ્રતિનિધિઓ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ભાગ લેવા ગુજરાત પધાર્યા છે. મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી અને નેલ્સન મંડેલાની ૧૦૦મી જન્મજયંતીના ઉપલક્ષ્યમાં ગુજરાતની પાવનભૂમિ પર 'આફ્રિકા ડે'ની ઉજવણી થઈ રહી છે, તે માટે આનંદ અનુભવતાં વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે, 'ગુજરાતે-ભારતે મોહનદાસ ગાંધી આપ્યા હતા, એ આફ્રિકાએ ભારતને 'મહાત્મા' પાછા આપ્યા.' બૃહદ આફ્રિકા નિઝમનો પાયો આફ્રિકાના પિતામહ વ્યક્તિત્વોએ નાખ્યો છે, આફ્રિકાની એકતાએ એનું ઘડતર કર્યું છે અને આફ્રિકન યુનિયન તેને વધુ સુદઢ કર્યું છે. વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે, માર્ચ-૨૦૧૭માં આફ્રિકન દેશોએ પરસ્પરના આર્થિક-વ્યાપારિક સંબંધો વધુ સુદઢ કરવા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કર્યા, આ ઐતિહાસિક કરારને અનુલક્ષીને ભારતે એજન્ડા-૨૦૬૩ વિઝન ડોકયુમેન્ટ તૈયાર કર્યું છે. આફ્રિકન દેશો સાથેના ભારતના સુખદ સંભારણાના પ્રિઝમથી અમે ભારત- આફ્રિકન જોડાણને વધુ મજબૂતાઇ બક્ષવા જઇ રહ્યા છીએ. આફ્રિકન દેશો અત્યારે આફ્રિકાને સ્વીકૃત આફ્રિકન નેતૃત્વ આધારિત વિકાસને આગળ ધપાવવા પ્રતિબદ્ધ છે ત્યારે ભારત સમાનતા અને પરસ્પર સન્માન સાથેનું નેતૃત્વ સંભાળવા સંકલ્પબદ્ધ છે. આફ્રિકાની જરૂરિયાતો અને અગ્રતા અનુસાર સહકાર આપવા ભારતે સંવાદસભર, ક્ષમતા નિર્દિષ્ટ અને માંગ મુજબનું 'સહકાર મોડેલ' તૈયાર કર્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતની વિદેશ અને આર્થિક નીતિમાં આફ્રિકાને 'ટોપ પ્રાયોરિટી' આપવાની જાહેરાત કરી છે, તેનો ઉલ્લેખ કરતાં મંત્રી સુષ્મા સ્વરાજે જણાવ્યું હતું કે, યુગાન્ડાની મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૦ વ્યાપક માર્ગદર્શક સિદ્ધાંતો આધારિત આફ્રિકા પોલીસીની જાહેરાત કરતી વખતે જ જણાવ્યું હતું કે, બન્ને દેશો વચ્ચે વિકાસ માટેની ભાગીદારીના મૂળમાં આફ્રિકાની જરૂરિયાતો-આવશ્યકતાઓને અગ્રતા આપવામાં આવશે. છેલ્લા ચાર વર્ષોમાં આફ્રિકા સાથેના ભારતના સંબંધોએ નવી ગતિશીલતા અને ધબકારની અનુભૂતિ કરી છે. ભારતના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી કક્ષાએથી આ ચાર વર્ષોમાં ૨૯ આફ્રિકન રાષ્ટ્રોની મુલાકાત લેવામાં આવી છે. એટલું જ નહીં, સામે પક્ષે આફ્રિકાના ૩૫ રાષ્ટ્ર નેતાઓ ભારત પધાર્યા હતા. સુષ્મા સ્વરાજે જણાવ્યું હતું કે, આફ્રિકા સાથેના વધુ સુદઢ થતા જતા સંબંધોને અનુલક્ષીને ભારતે આફ્રિકન દેશોમાં આગામી વર્ષોમાં ૧૮ નવા દૂતાવાસ અને ઉચ્ચાયુકત કાર્યાલયો ખોલવાનો નિર્ણય કર્યો છે. આ સાથે આફ્રિકન દેશોમાં ૪૭ એલચી કચેરીઓ થશે. ગત વર્ષે રવાન્ડામાં દૂતાવાસના શુભારંભ સાથે આ મિશનનો આરંભ પણ થઇ ગયો છે. આફ્રિકા એક મહત્વના વ્યાપાર અને મૂડીરોકાણ ભાગીદાર તરીકે ઉભરી રહ્યું છે, એમ કહીને સુષ્મા સ્વરાજે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૭-૧૮માં ભારત-આફ્રિકા વચ્ચે ૬૨.૬૬ બિલિયન ડોલરનો દ્વિપક્ષીય વ્યાપાર થયો છે. જે અગાઉના વર્ષની સરખામણીમાં ૨૨ ટકા વધારે છે. ભારતે અલ્પ વિકસીત રાષ્ટ્રો માટે 'ડ્યુટી ફ્રી ટેરિફ પ્રેફરન્સ નીતિ'ની જાહેરાત કરી છે, જેનો લાભ ૩૮ આફ્રિકન દેશો લઇ રહ્યા છે. તાજેતરમાં આફ્રિકન કોન્ટીનેન્ટલ ફ્રી ટ્રેડ એરિયા સંધી થઈ છે, તે પણ આફ્રિકાના આર્થિક અને વ્યાપારિક વિકાસ માટે મહત્વનો આયામ બની રહેશે.વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે જણાવ્યું હતું કે, ભારતની 'લાઈન્સ ઓફ ક્રેડીટ' આફ્રિકા સાથેના સંબંધોમાં વિશેષ મહત્વની સાબિત થઇ છે, જેના પરિણામે ૪૨ આફ્રિકન દેશોમાં ૧૧.૪ બિલિયન ડોલરના મૂડીરોકાણવાળા કુલ ૧૮૯ પ્રોજેકટસ કાર્યરત થયા છે. આ પ્રોજેકટસથી આફ્રિકાના જનજીવન પર સકારાત્મક અસર ઉપસી રહી છે અને આફ્રિકનોના જીવનધોરણમાં આમૂલ પરિવર્તન આવી રહ્યું છે. આફ્રિકન દેશો સાથેનું સંગઠન વધુ સુદઢ બનાવવા સપ્ટેમ્બર-૨૦૧૮માં ઈ-વિદ્યાભારતી અને ઇ-આરોગ્ય ભારતી અંતર્ગત આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે કરારો કરવામાં આવ્યા છે તેનો ઉલ્લેખ કરીને સુષ્મા સ્વરાજે જણાવ્યું હતું કે, પૂ. મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ભારતે આફ્રિકામાં મહાત્મા ગાંધી કન્વેન્શન સેન્ટરના નિર્માણથી દરખાસ્ત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, ભારત-આફ્રિકા સંબંધો લાંબાગાળાના અને વધુ સુદઢ થાય એ દિશામાં વ્યાપક પ્રયત્નો થઇ રહ્યા છે. આફ્રિકાની સલામતી અને સમૃદ્ધિપ્રતિની સફરમાં ભારત હંમેશા વિશ્વાસપાત્ર સાથી બની રહેશે. ભારત-આફ્રિકાની મિત્રતા અખંડ-અમર રહે એવી ભાવના તેમણે વ્યકત કરી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આફ્રિકા ડેની આ ઉજવણી ગુજરાત અને આફ્રિકન કોન્ટીનન્ટ વચ્ચેના વર્ષો પૂરાણા ઐતિહાસિક સાંસ્કૃતિક, વ્યાપારિક અને સાતત્યપૂર્ણ ભાગીદારીને વધુ ઉજ્જવળ દિશા આપવાનો પ્રસંગ ગણાવ્યો હતો. તેમણે આ સંદર્ભમાં કહયું કે, મહાત્મા ગાંધીએ અહિંસા સત્યાગ્રહના બીજ આફ્રિકન ધરતી પર રોપેલાં અને તે ચળવળે ભારત આફ્રિકા બેય દેશોની સ્વતંત્રતા માટેની પીઠીકા તૈયાર કરી હતી. ગુજરાતે વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૯માં આફ્રિકા ડે ઉજવીને લાંબા ગાળાની ભાગીદારી અને સહકારિતાનો સેતુ વધુ સુદઢ કર્યો છે. મુખ્યમંત્રીએ આફ્રિકન કોન્ટીનન્ટના ૫૪ રાષ્ટ્રો માંથી ૫૦ની અહીં ઉપસ્થિતિને રાજદ્વારી, વાણિજ્યિક અને મૈત્રીપૂર્ણ સંબંધની સ્વતંત્રતા બાદ શરૂ થયેલી કડીની ફલશ્રુતિ ગણાવી હતી. ભારત અને આફ્રિકા ભૂતકાળમાં ગરીબી, કૂપોષણ અને આર્થિક વિકાસની નબળી સ્થિતિના પડકારોનો સામનો કરતા હતા, પરંતુ આજે બેય રાષ્ટ્રો નવા ઈનીશ્યેટીઝ અને ઈનોવેટીવ પોલિસીઝ સાથે આ સમસ્યાઓને નિપટવામાં સફળ રહયા છે. તેમણે કહ્યું કે,આપણા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નયા ભારતના ઈનીશ્યેટીઝને પરિણામે ભારત આજે વિશ્વમાં ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ ઈકોનોમી બન્યું છે. તેજ પ્રમાણે આઇ.એમ.એફ.ના મત અનુસાર વિશ્વની ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ ઈકોનોમીવાળા રાષ્ટ્રોમાં આફ્રિકાનો પણ સમાવેશ થયો છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, ૨૦૨૦ સુધીમાં ભારત અને આફ્રિકા બેય ૨.૫ બિલીયન લોકો સાથે વિશાળ માર્કેટ, વર્કીંગ મેનપાવર અને નવી તકોનું નિર્માણ કરશે. આફ્રિકન કોન્ટીનન્ટ અપાર કુદરતી સંશાધનો અને ભારતીય સમુદ્રી સીમા સાથે કલોઝ પ્રોસીમીટીને કારણે ઈકોનોમીક ડેવલપમેન્ટ ક્ષેત્રે વધુ નવા અવસરો પૂરા પાડશે તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો. વિજય રૂપાણીએ ભારતના ખાનગી અને જાહેરક્ષેત્રના સાહસોએ આફ્રિકન કોન્ટીનન્ટમાં ઓટોમોબાઈલ એન્જીનિયરીંગ, કેમિકલ, આઇ.ટી., ટેલિકોમ, ફાર્મા જેવા ક્ષેત્રોમાં રોકાણ કરેલ છે અને વધુ ભારતીય કંપનીઓ આ ક્ષેત્રોમાં રોકાણો માટે પ્રેરિત થઇ રહી છે. મુખ્યમંત્રીએ સાઉથ આફ્રિકા, કેન્યા, તાન્ઝાનિયા, યુગાન્ડા., રવાન્ડા જેવા રાષ્ટ્રોમાં ગુજરાતીઓના વ્યાપક વસવાટ અને વેપાર-કારોબારનો વિશેષ ઉલ્લેખ કરતાં ઉમેર્યું કે, ગુજરાતમાં પણ સદીઓથી આફ્રિકન ઓરિજીનની સીદી કોમ્યુનિટી વસી છે તે સૌરાષ્ટ્ર સહિત ગુજરાતની વાઈબ્રન્ટ સંસ્કૃતિમાં મહત્વનું પ્રદાન કરે છે. વિજય રૂપાણીએ ભારત-આફ્રિકા પાર્ટનરશીપને પ્રબળ રાજકીય પ્રતિબધ્ધતા અને ઈકોનોમિક એન્ગેજમેન્ટના સિમ્બોલ તરીકે વર્ણવીને આ દિવસની ઉજવણીથી ગુજરાતને ગૌરવ મળ્યું છે તેવો મત પણ દર્શાવ્યો હતો. તેમણે આફ્રિકા ડે ઉજવણીમાં સહભાગી સૌને એકતાના પ્રતિક રૂપ વિશ્વની સૌથી ઊંચી સરદાર પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેવાનું પણ ઈજન પાઠવ્યુ હતું.

# નાણામંત્રી અરૂણ જેટલી જ અંતરિમ બજેટ રજૂ કરશે

(એજન્સી) નવીદિલ્હી

નાણામંત્રી અરૂણ જેટલી જ અંતરિમ બજેટ રજૂ કરશે. અરુણ જેટલી ખરાબ તબિયતના કારણે અમેરિકામાં સારવાર કરાવી રહ્યા છે. ત્યારે, ૧ ફેબ્રુઆરીએ બજેટ કોણ રજૂ કરશે તેની અટકળો વચ્ચે નાણા મંત્રાલયના ટોચના સૂત્રોએ સ્પષ્ટતા કરી છે કે બજેટ જેટલી જ રજૂ કરશે. સાથે જ તેઓ અગાઉના વર્ષોની જેમ જાતે જ બજેટને લગતુ ભાષણ પણ વાંચશે.જેટલી હાલમાં અમેરિકામાં છે. જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. મંત્રીએ ન્યૂયોર્કથી વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા એક કાર્યક્રમને સંબોધિત કરતા કહ્યુ હતુ કે ચૂંટણી વર્ષનુ બજેટ ઈન્ટરિમ બજેટ જ હોય છે. આ જ પરંપરા રહી છે પણ ઈકોનોમીનું હીત હંમેશા નક્કી કરે છે કે બજેટમાં શું હોવુ જોઈએ. જેની ચર્ચા આ સ્તરે કરવી શક્ય નથી. જેટલી દ્વારા પહેલી ફેબ્રુઆરીએ છઠ્ઠુ બજેટ રજૂ કરશે. જે ઈન્ટરિમ બજેટ રહેશે. અપેક્ષા સંવાઈ રહી છે કે, આ બજેટ સામાન્ય બજેટ જેવું જ હશે. એવા સમાચાર છે કે, લોકસભાની ચૂંટણી પહેલા ઈન્ટરિમ બજેટમાં પણ મોદી સરકાર મતદારોને ખુશ કરવા માટે મોટી ઘોષણાઓ કરી શકે છે.અરૂણ જેટલીને કિડનીની બિમારી થઈ છે.

# દિલ્હીમાં ગાઢ ધુમ્મસની ચાદર : ૩૦ ગાડીઓ ટકરાઈ, ૨૫ લોકો ઘાયલ

## દિલ્હી એરપોર્ટ પર ધુમ્મસના કારણે લગભગ સાડા ત્રણ કલાક ફ્લાઈટ સંપૂર્ણપણે બંધ રહી

(એજન્સી) નવીદિલ્હી

દેશની રાજધાની દિલ્હી ગઈ કાલે આખો દિવસ ધુમ્મસની ચાદરમાં લપેટાઈ રહી. અહીં રસ્તાઓની સાથે-સાથે એર ટ્રાફિક પર પણ અસર થઈ હતી. બીજી તરફ સોનીપત-ગાઝિયાબાદ કેજીપી પર લગભગ ૩૦ વાહન અરસપરસ ટકરાઈ ગયાં હતાં, જેમાં ૨૫ લોકો ઘાયલ થયા હતા. દિલ્હી એરપોર્ટ પર ધુમ્મસના કારણે ગઈ કાલે સવારે લગભગ સાડા ત્રણ કલાક ફ્લાઈટ સંપૂર્ણપણે બંધ રહી હતી. એરપોર્ટના અધિકારીએ જણાવ્યું હતું કે સવારે ૫.૩૦ વાગ્યાથી કેટ૩સી લાગુ થઈ ગયો અને લગભગ ૯.૩૦ વાગ્યા સુધી આ સ્થિતિ રહી હતી. આ દરમિયાન ઓછી વિઝિબિલિટીના કારણે વિમાન રોકી દેવામાં આવ્યાં. વચ્ચે-વચ્ચે એકાદ ઉડાન જારી રહી. બે વિમાનને ઊતરવા માટે અન્ય જગ્યાએ મોકલવા પડ્યાં. કેટલાય કલાકો માટે ઉડાનમાં મોડું થવાના કારણે મોટી સંખ્યામાં ફ્લાઈટને અસર થઈ હતી. સોનીપત-ગાઝિયાબાદ કેજીપી પર ગાઢ ધુમ્મસના કારણે સોનીપત સ્થિત ટોલ પ્લાઝાથી થોડા અંતર પર યમુના પુલ ઉપર ૩૦ ગાડીઓ અરસપરસ ટકરાઈ અને ૨૫ લોકો ઘાયલ થયા હતા. તમામ ઘાયલનો ઈલાજ સોનીપતની હોસ્પિટલમાં ચાલી રહ્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે પહેલાં એક ગાડી ટકરાઈ. ત્યારબાદ લાઈનમાં આવેલી ૩૦ ગાડીઓ અરસપરસ ટકરાઈ ગઈ હતી.બાગપત પોલીસે સમયસર પહોંચીને ઘાયલને હોસ્પિટલ પહોંચાડ્યા અને ગાડીઓને રસ્તા પરથી હટાવી. આ માર્ગ પર ટ્રાફિક જામ થયેલો હતો. અન્ય દુર્ઘટનામાં સોનીપત જિલ્લાના પીપલી ગામ પાસે શુક્રવારે સવારે ધુમ્મસના કારણે સ્કૂલનાં બાળકોને લઇ જઈ રહેલી ક્રૂઝર જીપ અને ટ્રક ટકરાતાં પાંચ વિદ્યાર્થીઓને સામાન્ય ઈજાઓ પહોંચી હતી, તેમાંથી એક વિદ્યાર્થીની હાલત ગંભીર છે. ઈલાજ માટે તેને પીજીઆઈ રોહતકમાં દાખલ કરાયો છે.

# અંકલેશ્વર અને ધોલેરામાં એરપોર્ટ નિર્માણ માટે એમઓયુ થયા

(પ્રતિનિધિ) ગાંધીનગર

વાઈબ્રન્ટ ગુજરાતના બીજા દિવસે ગુજરાત સરકાર અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા વચ્ચે ધોલેરા અને અંકલેશ્વરમાં એરપોર્ટના એમઓયુ થયા હતા. વિજય રૂપાણી અને કેન્દ્રીય મંત્રી સુરેશ પ્રભુની મુલાકાત દરમિયાન સમજૂતી કરાર થયા હતા. તો તાઈવાનની સાથે ૬૮૦ કરોડ કરોડના દહેજમાં રોકાણના કરાર કરાયા હતા. મુખ્યમંત્રી અને કેન્દ્રીય મંત્રીએ ધોલેરામાં ૧૫૦૦ કરોડના ખર્ચે ગ્રીનફિલ્ડ એરપોર્ટ અને અંકલેશ્વરમાં ૯૨ હેક્ટર વિસ્તારમાં ડેવલમેન્ટ એન્ડ ઓપરેશનલ ઓફ એરપોર્ટ એન્ડ એમ આર ઓ માટેના સમજૂતી કરાર કર્યા હતા. વરિષ્ઠ સચિવો પણ આ સમયે હાજર રહ્યા હતા. રૂપાણીએ જણાવ્યું હતું કે, ધોલેરાના ઈન્ડસ્ટ્રિયલ વર્લ્ડ ક્લાસ ડેવલેપમેન્ટમાં એરપોર્ટ નિર્માણ કરાર મહત્વ પૂર્ણ બની રહેશે.વન ટુ વન બેઠકના દૌરમાં તાઈવાનની પ્રતિષ્ઠિત કંપની સીએસઆરસીના ચેરમેન જાસુન કુઉએની આગેવાનીમાં પ્રતિનિધિ મંડળ સાથે યોજેલી બેઠકમાં ગુજરાતના દહેજમાં કાર્બન બ્લેક ઈલેક્ટ્રિક એન્ડ સ્ટીમ માટેના એમઓયુ સંપન્ન થયા હતા. રૂ. ૬૮૦ કરોડના ખર્ચે આ પ્લાન્ટ ૨૦૨૦ સુધીમાં પૂર્ણ થશે અને ગુજરાતમાં અંદાજે ૪૦૦ લોકોને સ્થાનિક સ્તરે રોજગારીની તકો ઉભી થશે.